૬: દરિદ્રનારાયણ જ્ઞાનપ્રચારમાળા

ધર્મયુદ્ધનું રહસ્ય



પ્રસ્થાન કાર્યાલય : અમદાવાદ

ધર્મયુદ્ધનું રહસ્ય

[મહાસભામાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયા પછી સત્યાગ્રહ-યુદ્ધનું રહસ્ય બતાવતાં જનતાને ઉદ્દેશી પૂ. ગાંધીજીએ લખેલા લેખો તથા આપેલાં ભાષણોનો સંગ્રહ.]

પ્રકાશક
પ્રસ્થાન કાર્યાલય
અમદાવાદ

બે આના

પ્રકાશક
રણછોડજી કેસુરભાઈ મીસ્ત્રી
પ્રસ્થાન કાર્યાલય
અ મ દા વા દ

પહેલી આવૃત્તિ
*
રાષ્ટ્રીય સપ્તાહ
૧૩ એપ્રિલ : ૧૯૩૦

મુદ્રક
ચીમનલાલ ઈશ્વરલાલ મહેતા
વ સં ત મુ દ્ર ણા લ ય
ઘીકાંટા રોડ : અમદાવાદ

નિવેદન

જ્યારથી અમે 'સરસ્વતી ગ્રન્થમાળા'ની યોજના હાથ ધરી ત્યારથી સામાન્ય જનસમૂહને એક પૈસાથી માંડી બે આનામાં સારું સાહિત્ય આપવું જોઇએ : એમ અમને લાગ્યા જ કર્યું છે. માળાનું એક વર્ષ પૂરું થતાં તે સંબંધી અમારા વિચાર માળાના છેલ્લા પુસ્તક 'ગરીબની હાય'માં જણાવ્યા છે અને એ યોજના જો માળાના પાંચેક હજાર ગ્રાહક થઈ જાય તો હાથ ધરવા ઉમેદ છે એમ પણ જણાવ્યું છે.

આજે આ યોજના હાથ ધરી છે તે કાંઈ માળાના પાંચ હજાર ગ્રાહક થઈ ગયા છે માટે નહિ, પણ આજના સ્વાતંત્ર્ય-યુદ્ધનું વાતાવરણ જોતાં એ યોજના માટે વધુ રાહ ન જોતાં તુરતમાં જ હાથ ધરવી જોઇએ એ પ્રેરણાથી શરૂ કરી દઉં છું.

આ પુસ્તકમાં મહાસભામાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયા પછી પૂ. ગાંધીજીએ સત્યાગ્રહ યુદ્ધનું રહસ્ય બતાવતા જનતાને ઉદ્દેશીને જે કેટલાક લેખો લખ્યા છે-જેવા કે, હું કેદ થાઉં ત્યારે-, સત્યાગ્રહીની નિયમાવલી, અંતિમ પરીક્ષા, અહિંસકારની મર્યાદા, મુખી મતાદારો વિષે વગેરે; તેમજ કૂચ કરતા પહેલાં આશ્રમમાં જે બે ભાષણો આપ્યાં છે તેનો સંગ્રહ છે. ટૂંકમાં, આ લડતને ફતેહમંદ પાર પાડવા માટે લોકોએ શું કરવું જોઇએ, લડતના સૈનિકોએ કેમ વર્તવું જોઇએ અને ગાંધીજી પકડાય તો આપણે શું કરવું જોઇએ એ બધી સૂચનાઓ આ અઢાર લેખવાળા સંગ્રહમાં આવી જતી હોવાથી આ પુસ્તક આ યુદ્ધ માટે ધર્મગીતા જેવું માર્ગદર્શક થઈ પડશે એમ હુ માનું છું.

પ્રકાશક

અનુક્રમ

મહાસભાનો

સ્વાતંત્ર્યનો ઠરાવ

"આ મહાસભા વાઇસરૉયસાહેબના ૩૧મી ઑક્ટોબરના જાહેરનામાના જવાબમાં મહાસભાવાદીઓ અને બીજા નેતાઓએ કાઢેલી ઘોષણા વિષે કાર્યવાહકમંડળે લીધેલા પગલાને બહાલ રાખે છે, અને વાઇસરૉયસાહેબે સ્વરાજની રાષ્ટ્રીય હિલચાલને પહોંચી વળવાને માટે કરેલા પ્રયત્નોની કદર કરે છે.

"પણ આ મહાસભા ઉપર કહેલી ઘટનાઓ પછી બનેલી બધી ઘટના ધ્યાનમાં લઈને, અને ગાંધીજી, પંડિત મોતીલાલ નેહરૂ અને બીજા નેતાઓને વાઇસરૉયસાહેબ સાથે થયેલી વાતચીતનું પરિણામ ધ્યાનમાં લઈને, એવા અભિપ્રાય ઉપર આવે છે કે હાલના સંજોગોમાં મહાસભાના પ્રતિનિધિઓ 'રાઉંડ ટેબલ કૉન્ફરન્સ'માં જાય છે તેથી કશો લાભ થવાનો નથી.

"એટલે આ મહાસભા, ગયે વર્ષે કલકત્તાની બેઠકમાં થયેલા ઠરાવ મુજબ, જાહેર કરે છે કે મહાસભાના ધ્યેયમાં 'સ્વરાજ' શબ્દનો અર્થ 'સંપૂર્ણ સ્વાતંત્ર્ય' કરવો, અને વધારેમાં જાહેર કરે છે કે નેહરૂ રિપોર્ટમાં આલેખેલું બંધારણ આખું હવે રદ થયું છે એટલે તે આશા રાખે છે કે હવે પછી બધા મહાસભાવાદીઓ હિંદુસ્તાનને માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવામાં જ પોતાની બધી શક્તિ અને સમય અર્પણ કરશે.

"સ્વાતંત્ર્યની લડતનો વ્યૂહ રચવાનાં પ્રારંભિક પગલાં તરીકે અને મહાસભાની નીતિ મહાસભાના બદલાયેલા ધ્યેયને બની શકે તેટલી અનુરૂપ બનાવવાના હેતુથી આ મહાસભા ઠરાવે છે કે વડી

અને પ્રાંતિક ધારાસભાઓનો અને સરકારે નીમેલી કમિટીઓનો સંપૂર્ણ બહિષ્કાર કરવો, અને આ મહાસભા સભાવાદીઓને અને બીજા જેઓ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હોય તેમને સીધી અથવા આડકતરી રીતે ભાવી ચૂંટણીઓમાં ભાગ લેવાથી અલગ રહેવાનું ફરમાન કરે છે, અને આજે જે મહાસભાવાદીઓ એ ધારાસભા અને કમિટીઓમાં કામ કરે છે તેમને તેમની જગ્યાનું રાજીનામું આપવાનું ફરમાવે છે.

"આ મહાસભા પ્રજાને વિનવે છે કે તેમણે મહાસભાનો રચનાત્મક કાર્યક્રમ અતિશય વેગથી ચાલુ રાખવો, અને મહાસમિતિને, જ્યારે તેને યોગ્ય લાગે ત્યારે, અમુક પસંદ કરેલા કે બીજાં ક્ષેત્રોમાં, અને અમુક શરતો રાખીને, સવિનય ભંગ અને કર ન ભરવાની હિલચાલ શરૂ કરવાનો અધિકાર આપે છે."

હૃદયના ઉદ્‌ગારો

[સ્વાતંત્ર્ય અથવા 'આઝાદી'નો ઠરાવ રજૂ કરતાં ગાંધીજીએ ભાષણ ન આપ્યું, પણ તેની ઉપર અનેક સુધારા રજૂ થયા પછી તેમણે જવાબ આપ્યો. હિંદી અને અંગ્રેજીમાં બંને ભાષણમાં નિરનિરાળી ખૂબી હતી. બંનેને નીચેના સારાંશમાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે:

મ૦ હ૦ દે૦]

અખંડ ઠરાવ

આ ઠરાવ એક અખંડ ઠરાવ છે. અને જેમ કોઈ ચિત્રનો કે કોઈ મકાનનો કે કોઈ શરીરનો, એનાં અવયવ જુદાં પાડીને આપણે વિચાર નથી કરી શકતા, તેમ આ ઠરાવના જુદાજુદા ભાગો કટકેકટકે લઈને નથી વિચારી શકતા. જે એક કટકાનો, એક અવયવનો નાશ કરે છે તે આખી વસ્તુનો નાશ કરે છે.

એ ઠરાવ સામાન્ય ઠરાવો જેમ મહાસભામાં આવે તેવી રીતે તમારી આગળ આવીને નથી ઊભો રહ્યો. એ ઠરાવ મૂળ તો તમારા જ પ્રતિનિધિઓએ કાર્યવાહકમંડળની બેઠકમાં સ્વીકાર્યો, પછી વિષય-

વિચારિણી સમિતિમાં એની ઉપર ઠીકઠીક ચૂંથણાં ચાલ્યાં, ખૂબ ચર્ચા થઈ, અને પસાર થયો. ત્યારપછી એ અહીં આવ્યો છે. જે કાર્યવાહકમંડળને તમે જ ચૂટેલું, જે તમારા તરફથી બધો વ્યવહાર ચલાવે છે, તે કાર્યવાહકમંડળ વિષે તમને વિશ્વાસ હોવો જોઇએ, એ કાર્યવાહકમંડળ અને તમારી વચ્ચે કેવો વ્યવહાર હોવો જોઇએ એનું તમને સંપૂર્ણ ભાન હોવું જોઇએ.

આ ઠરાવમાંથી અમુક શબ્દો કાઢી નાંખવા વિષે તમારી પાસે સુધારા આવ્યા છે. એક 'સુધારો' એ છે કે એમાં વાઈસરૉયના કામની કદર બતાવનારા શબ્દ ન હોવા જોઇએ. તમારામાં જો ડહાપણ હોય તો તમે સમજો કે વાટાઘાટ અને મોટીમોટી મંત્રણામાં આપણે દુશ્મનની સાથે પણ મસલત કરવાના પ્રસંગો આવશે, અને દુશ્મન પણ અમુક પ્રસંગે સરસ રીતે વર્ત્યો હોય તો તેની તારીફ કરવી એ તમને શોભાભર્યું જ હશે. આપણે આઝાદી લેવાનો ઠરાવ કરવાના છીએ. હું તમને કહું છું કે જે માણસ આઝાદ બનવા માગે છે તે મર્યાદા, વિનય, વીરતા છોડતો નથી. બહાદુર માણસ ગર્વમાં તણાઇને એમ ન કહે કે અમારાથી કોઇની તારીફ ન થાય. દુશ્મનની પણ તારીફ કરી શકે તે જ વીર છે. વાઇસરૉયનું ધ્યેય જરૂર બ્રિટિશ સલ્તનતને ટકાવી રાખવાનું છે, પણ એટલી વસ્તુ ધ્યાનમાં રાખીને એનાથી થાય એટલું એણે સાચા દિલથી કર્યું એમ કહેવામાં આપણે શુદ્ધ વિનય બતાવવા ઉપરાંત કશું વધારે નથી કરતા.

તમારા પ્રતિનિધિઓ વાઇસરૉયને મળ્યા અને મળી આવીને ત્યાં શું બન્યું તે તમારી આગળ તેમણે કહી સંભળાવ્યું. તેમને લાગ્યું કે વાઇસરૉયની દાનત શુદ્ધ હતી, વાઇસરૉયનો ઇરાદો કાંઇક સારો તોડ લાવવાનો હતો. એ અમારી સાક્ષી તમે માનતા હો તો અમે જે સામાન્ય વિવેક અને વિનય પ્રકટ કર્યો છે તેમાં તમારે ભળવું રહ્યું. પણ જો તમે એમ માનો કે તમારા પ્રતિનિધિઓ કહે છે એ વાત બરોબર નથી, તો તો બહેતર છે કે તમે અમને કાર્યવાહકમંડળ ઉપર

રહેવા દો તેના કરતાં અમને લાત મારીને કાઢી મૂકો. પણ જો અમારી સાક્ષી માનતા હો, તો તમે અહિંસાની નીતિ સ્વીકારનાર સંસ્થાના સભ્ય હોઇને તમારે એટલા વિવેકમાંથી ન ચૂકવું જોઇએ.

આ ઠરાવમાં બીજા કેટલાક શબ્દો સામે વાંધો લેવામાં આવ્યો છે, ‘ હાલના સંજોગોમાં ’ શબ્દ કાઢી નાંખવો જોઇએ એવો સુધારો તમારી આગળ આવ્યો છે. એ શબ્દોની આવશ્યકતા ન હોત તો કાર્યવાહકમંડળ શા સારુ એ શબ્દો પસંદ કરત ? આ ઠરાવ કરો છો તેથી તમારા પ્રતિનિધિઓ કોઈ પણ ‘ રાઉંડ ટેબલ કૉન્ફરન્સ ’માં કદી જઈ જ ન શકે એવો અર્થ નથી. એવો પ્રસંગ આવે પણ ખરો કે જ્યારે એ લોકોને પરિષદમાં જવાપણું હોય. એટલી વસ્તુ ઠરાવમાં નાંખવામાં હું કશું માઠું નથી જોતો. હા, જ્યાં ‘ડુમિનિયન સ્ટેટસ’ની જ ચર્ચા થવાની હોય ત્યાં તમારા પ્રતિનિધિઓ નથી ભાગ લઈ શકતા, જ્યાં ‘ આઝાદી ’ની ચર્ચા થવાની હોય ત્યાં જ તેઓ જઇ શકે છે.

ગુલામીમાં ચાલુ રહેવું છે ?

આ ઠરાવમાં ધારાસભાઓના બહિષ્કારની વાત આવે છે. ભાઇ જમનાદાસ મહેતાએ ઠીક કહ્યું કે ગાંધી કહે છે માટે કંઇ ન કરતા પણ તમને પોતાને લાગે તો જ કરજો. એ વાત અક્ષરશઃ સાચી છે. હું તો એક કામના બંદા તરીકે—દેશના સેવક તરીકે, તમારો કારકૂન બનીને અમુક ઠરાવો ઘડી લાવ્યો. એ ઠરાવ ઘડી આપું, પણ તે તમે સ્વીકારો એવો આગ્રહ હું કેમ ધરી શકું ? એટલે હું તો માત્ર તમને સમજાવવા માગું છું કે આ બહિષ્કારની વાત ઠરાવમાં કેમ આવે છે. એનું કારણ એ છે કે એમાં ધારાસભાનો અનુભવ લઈ આવેલા સજ્જનોનો અંગત અનુભવ ઉતારવામાં આવેલો છે. મોતીલાલજીને માટે સૌ માને છે કે એમણે પોતાનું કામ ભારે યશસ્વી રીતે કર્યું. છતાં મોતીલાલજી જ કહે છે કે એમાં કશો સ્વાદ નથી રહ્યો, ત્યાં રહેવાથી સ્વરાજને રસ્તે એક કદમ પણ આગળ વધવાના નથી. મારો પોતાનો અનુભવ તો ૧૯૨૧માં હતો તે જ છે, ઊલટો તે

વધારે દૃઢ થયો છે. એમ કહેવામાં આવે છે કે ધારાસભામાં ગયાથી ઘણું મળી શકે છે. હા, સુંદર રમકડાં મળી શકે છે ખરાં; ભાઈબહેન, સગાંસંબંધીને ઠેકાણે પણ પાડી શકય છે ખરાં; આ સલ્તનત અને આ રાજ્યના પાયા કાયમ રાખીને તમે ઇચ્છો એમાંથી ઘણું યે ધારાસભાઓ આપે એમ છે. પણ તમારી પોતાની સ્થિતિનો વિચાર કરશો? આપણા ઘરમાં ગુલામ હોય, ગાય હોય, બિલાડી હોય, એ બધાંને આપણે સુખમાં રાખતા હોઈએ, ભૂખાં ન મારતા હોઈએ તોપણ તે ગુલામ કે પશુ નથી મટતાં. ગુલામ તે ગુલામ અને પશુ તે પશુ. એક મિત્ર પોતાના ઘોડાને મીઠાઈ ખવડાવે છે; તેથી બિચારો ઘોડો માણસ નથી થઈ જતો, એ ઘોડા ઉપર સવારી કરનાર માણસ સવારી કરે છે, ઘોડાનો માણસ ઉપર સવારી કરવાનો કદી વારો નથી આવતો. તેમ ધારાસભામાં જઈને ગમે તે લઈ આવીએ, પણ આપણે ગુલામ છીએ તે ગુલામ થોડા મટવાના છીએ?

એક જ બહિષ્કાર કેમ?

પૂછવામાં આવે છે કે એક જ બહિષ્કાર કેમ, અને બીજા બહિષ્કાર કેમ નહિ? વકીલોને શા માટે છોડી દેવામાં આવ્યા છે? સાચી વાત, ભાઈ, સાચી. પણ માણસોની જિંદગી તર્કશાસ્ત્રને આધારે નથી ચાલતી, ઘણીવાર માણસો તર્કશાસ્ત્રથી વિરુદ્ધ વર્તીને પોતાનું ડહાપણ અને બળ બતાવે છે. કરોને બહિષ્કાર જેટલી વસ્તુનો થઈ શકે એટલીનો. પણ હું તો તમારી નાડ જોનાર વૈદ્ય રહ્યો. હું જાણું છું કે તમને કેટલી માત્રામાં ઔષધ આપી શકાય અને કેટલું તમારાથી પચાવી શકાય. આજકાલના વાયુમંડળમાં જે જોઉં છું તે જોઈને હું મારા ઠરાવ ઘડું છું. બીજા બહિષ્કારનો અમલ ન કરી શકો એમ હો તો મફતનો એનો ઠરાવ કરીને શું કરશો? નવજવાનો કહીએ ત્યારે ફાંસીએ ચડશે એમ સાંભળીએ છીએ, પણ જ્યારે શાળા તો છોડો એમ કહીએ ત્યારે તો તેમ કરવા કોઈ માનતું નથી. અદાલતો છોડીને ખેતી કરે કે પથ્થર ફોડે કે હજામત કરે કે બીજી મજૂરી કરે

એવા વકીલો આજે જાણ્યામાં નથી. એટલે તેવાને અદાલત છોડવાનું કહીને શો ફાયદો ? આજે તો જેટલી હદ સુધી દેશ જઈ શકે છે તે જોઇને ઠરાવ ઘડયો છે.

એક દલીલ હમેશાં કરવામાં આવે છે કે ધારાસભામાં આપણે ન જઇશું તો બીજા જશે, જગ્યા ખાલી ન રહે. આ તે કાંઈ દલીલ છે ? દારૂ કે અફીણના પીઠામાં આપણે જતા અટકીશું તો બીજા જશે, માટે આપણે જવું જોઇએ એમ કોણ દલીલ કરશે ? એ વાત જ બેહૂદી છે. એક જ વાતનો તમે વિચાર કરી શકો છો. તે એ કે આ ધારાસભામાં જવાથી 'આઝાદી' મળે એમ છે ? જો મળે એમ હોય તો જરૂર જાઓ, અથવા તો ધારાસભામાં ન જવાથી આટલું તો ચોખ્ખું નુકસાન થવાનું જ છે એમ તમે કહી શકતા હો તો જરૂર જાઓ.

સવિનય ભંગના ઢંગ

સવિનય કાનૂનભંગ એવી વસ્તુ છે કે જેને માટે હું પ્રાણ ટકાવી રહ્યો છું, જેને વિષે મારી શ્રદ્ધા અચલ છે. સ્વતંત્રતા વિનયહીન કાનૂનભંગથી ન મેળવી શકાય. હજારો અને લાખો ગામડાંમાં પથરાયેલા લોકોને માટેનું સ્વરાજ્ય કેવળ શાંતિ અને સત્યથી ભરેલા ઉપાયોથી જ મળી શકે, બીજી રીતે ન મળી શકે એ વિષે મારી ખાતરી છે. અને એ સાચા વિનય ભંગને માટે તમારાં જીવન પલટાવાં જોઇશે. બોંબ પણ ફૂટી શકે અને અહિંસાની નીતિ પણ સાથે ચાલી શકે એવી શબ્દજાળનો આશ્રય લઇને તમે સવિનય ભંગનું વાતાવરણ નથી પેદા કરી શકવાના. જે મહાસંસ્થા અહિંસાની નીતિને વરેલી છે તે મહાસંસ્થાને સવિનય ભંગ સિવાય બીજું શસ્ત્ર ન જ હોઇ શકે. પણ એ શસ્ત્રને માટે તૈયાર થવાને માટે તો આજે જે ગંદું વાતાવરણ છે તે નાબૂદ થવું જોઇએ. ઝગડો કરતાં તમને વાર નથી લાગતી, ધૂળજેવી બાબતમાં ત્રમંડ કરીને તમે હકને માટે લડવાને ઊભા થાઓ છો, ચાલતાં ચાલતાં 'ડિવિઝન' (અલગઅલગ મતગણતરી) માગો છો, એ 'સવિનય ભંગ' કરનારાઓને ન શોભે.

આજે તો મને કોઈ પૂછે કે બે મહિનામાં તમે સવિનય ભંગથી સલ્તનતની સાથે મુકાબલો કરી શકશો તો હું ના કહું. કેટલાક ભાઈઓ લાલ વાવટા લઈને બેઠા છે. અને એ લાલ વાવટાએ તેમને આઝાદી લેવી છે. ભલે એ લોક એવી વાત કરે. પણ આઝાદી તો ઠંડી તાકાતથી આવવાની છે. છાતી કાઢીને જે તલવાર ઝીલશે તે બહાદુર છે. શિખોને બહાદુરીનું વર્ણન આપવાની જરૂર નથી. ગુરુકા-બાગમાં એમણે સાચી બહાદુરીનો પરિચય આપ્યો હતો. જે લોકો એમ કહે છે કે શાંતિથી આઝાદી ન મળે, તેમને કહેવા માગું છું કે લોકોને ઠંડી તાકાત એ શી વસ્તુ છે એની ખબર જ નથી. તમારે સવિનય ભંગ કરવો હોય તો વીરોની જેમ, સત્યનિષ્ઠ વીરોની જેમ, વર્તતાં શીખવું જોઈશે—જે વીરોના ચોવીસે કલાક સ્વરાજ અતિશય જલદી આણવાને માટે જ અપાતા હશે. જો એ સ્વરાજની તમને ધગશ હોય, તો ઝગડાનો સમય ક્યાં છે? પણ તમે તો આજે ‘ડિસિપ્લિન’ (તાલીમ) જેવી વસ્તુ જાણતા નથી. જે મહાસભાની સરસ સેવા બજાવી રહ્યા છે તેના ઠરાવનો અમલ કરવો જોઈએ પણ તેને બદલે તમે તો ‘ડિવિઝન’ ‘ડિવિઝન’ પોકારો છો. એ સવિનય ભંગના ચાળા ન કહેવાય. એટલે હું કહું છું કે ‘આઝાદી’ના ઠરાવ ઉપર ‘ડિવિઝન’ ન હોય. એ ઠરાવ તો આખી સભાએ એકેઅવાજે પસાર કરવો જોઈએ. એ ઠરાવ કરતાં પણ આપણે ઝગડા કર્યા એમ જગત સાંભળે તો શું કહે? એટલે હું તો તમને વીનવું છું કે આ ઠરાવને, તેમાં એકે શબ્દનો ફેરફાર કર્યા વિના, તમે હર્ષનાદથી વધાવી લેશો.

લાંબી ફાળ ન ભરો

સુભાસ બાબુનો ઠરાવ કોને ન ગમે? એ બહુ ખૂબસૂરત ઠરાવ લાગે છે. જેમ સરકાર પોતાનું રાજ્ય ચલાવે છે તેવું જ સમાનતંત્ર બનાવીને આપણે શા સારુ રાજ્ય ન ચલાવીએ? પણ એટલી આપણી તાકાત છે? આપણામાં એટલી સંઘશક્તિ છે? એ ઠરાવ કરીએ તો એમાં ડહાપણ ગણાશે કે આપણે મૂરખામાં ખપશું? સુભાસ બાબુ

મોટા કામ કરનારા છે, એમની ભારે પ્રતિષ્ઠા છે, પણ એ અનુભવ વિના વાત કરે છે. સમાનતંત્ર શબ્દોથી નહિ બનાવી શકાય. ૬૦ વર્ષની ઉમરે હું સુભાસ બાબુ સાથે કદાચ ન ચાલી શકું, પણ મારું દિલ તો નવજુવાન છે, મને નથી લાગતું કે 'સાઠી બુદ્ધિ નાઠી'ની મારી દશા થઈ છે. પણ હું તો મારી મર્યાદા જાણું છું, એટલે મેં કહ્યું 'મારે ઘોડાની લગામ ન જોઈએ, હું ઘોડા પર બેસીશ તો મને ઘોડો ખેંચી લઈ જશે. એ લગામ જવાહરલાલને આપો.' મારા અનુભવથી હું આજે કહું છું કે વરાળને અંકુશમાં રાખીને જ તેનો ઉપયોગ કરી શકશો, બીજી રીતે એનો ઉપયોગ ન થઈ શકે. આજે સમાનતંત્રને માટે આપણે તૈયાર નથી, આપણે એની વાત કરીને પણ હાંસીને પાત્ર થઈશું. આજે તો હિંદુસ્તાનના દરેક ગામડામાં મહાસભાનું નામ પણ નથી પહોંચ્યું, ત્યાં કામની વાત જ શી કરવી?

એટલે આજે આપણે કર્યો છે તેટલા ઠરાવથી જ સંતોષ માનીએ. આજે આપણે લાંબી ફાળ ન ભરીએ. અનેક બહિષ્કારની વાતો કરીએ છીએ. પણ આપણે કયાં જઈ રહ્યા છીએ તે ભગવાન જાણે. એટલે આ ઠરાવ, જે અતિશય વિચારપૂર્વક ઘડવામાં આવ્યો છે અને જેમાં આપણી તાકાતનું પૂરૂં માપ રહેલું છે તે ઠરાવ, એકે શબ્દ કે કાનામાત્રના ફેરફાર વિના સ્વીકારશો, અને એના ઉપર સૂચવાયેલા સુધારાને ધમીને ફેંકી દેજો. મહેરબાની કરીને એ ઠરાવમાં કાપકૂપ ન કરશો. માણસનાં આંખનાક કાપવા કરતાં તેને મારી નાંખવો એ સારું.

મને જે શાંતિથી સાંભળ્યો એ માટે તમારો ઉપકાર માનું છું. એવી જ શાંતિથી આ દુનિયા ઉપર મને જે થોડા દિવસ રહ્યા છે તેટલા દિવસ મને સાંભળ્યા કરજો, ધીરજ રાખજો.

સ્વતંત્રતાની પ્રતિજ્ઞા

"અમે માનીએ છીએ કે જેમ બીજી કોઇ પણ પ્રજાનો તેમ હિંદુસ્તાનની પ્રજાનો, પોતાનું તંત્ર પોતે ચલાવવાનો, પોતાની મહેનતનાં ફળ ભોગવવાનો, અને સામાન્ય સુખશાંતિમાં રહેવાનાં સાધન પ્રાપ્ત કરવાનો અને તેમ કરીને પોતાનો સંપૂર્ણ વિકાસ કરવાનો જન્માસિદ્ધ હક છે. અમે એમ પણ માનીએ છીએ કે જો કોઇ પણ રાજ્ય કોઇ પણ પ્રજાના આ જન્મસિદ્ધ હકો છીનવી લઇને તેમના ઉપર જુલમ કરે, તો તે પ્રજાને તે રાજ્ય બદલવાનો અથવા તેનો નાશ કરવાનો પણ જન્મસિદ્ધ હક છે. હિંદુસ્તાનમાં બ્રિટિશ સરકારે હિંદી પ્રજાનું સ્વાતંત્ર્ય હરી લીધું છે એટલું જ નહિ, પણ દેશના કરોડો ગરીબોને ચૂસીને પોતાનું રાજ્ય ચલાવ્યું છે અને દેશનું આર્થિક, રાજ્યકીય, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સત્યાનાશ વાળ્યું છે. એટલે અમે માનીએ છીએ કે હવે હિંદી પ્રજાએ એ રાજ્યની સાથેનો સંબંધ તોડી પૂર્ણ સ્વરાજ્ય અથવા સંપૂર્ણ સ્વાતંત્ર્ય લીધે જ છૂટકો છે.

"દેશનું આર્થિક સત્યાનાશ કેટલું વળ્યું છે તે જોઇએ. આપણી પાસે જેટલું મહેસૂલ ઉઘરાવવામાં આવે છે તે આપણી આવકની સાથે સરખાવતાં ઘણું હદ ઉપરાંત છે. આપણી સરાસરી આવક રોજની સાત પૈસા છે, અને આપણે જે ભારે કર ભરીએ છીએ તેના ૨૦ ટકા જમીનમહેસૂલ પેટે ભરીએ છીએ જે ગરીબ ખેડૂતોને ભરવા પડે છે, અને ૩ ટકા મીઠાના કર પેટે છે, જે પણ ગરીબના જ પેટમાંથી નીકળે છે.

"કાંતણ જેવા ગૃહઉદ્યોગો ગામડાંમાંથી નાશ પામ્યા છે, જેને પરિણામે ખેડૂતવર્ગને વર્ષમાં ઓછામાં ઓછા ચાર મહિના બેકાર

રહેવું પડે છે, કારીગરીના નાશને લીધે તેમની બુદ્ધિ જડ થઇ ગઇ છે, અને જે ઉદ્યોગો નાશ થયા છે તેને બદલે બીજા કશા ઉદ્યોગ, બીજા દેશોમાં થયું છે તેમ, દાખલ કરવામાં આવ્યા નથી.

"જકાત અને નાણાં વિષે એવો પ્રપંચ રચવામાં આવ્યો છે કે ખેડૂતો ઉપરનો બોજો વધતો જ ગયો છે. વિલાયતમાં બનેલો માલ જ મુખ્યત્વે આપણા દેશમાં આયાત થાય છે. જકાતની ગોઠવણ જોશું તો જણાશે કે બ્રિટિશ માલ ઉપર ઓછામાં ઓછી જકાત છે. વળી જકાતમાંથી આવતું મહેસૂલ ગરીબની ઉપરનો બોજો ઓછો કરવાને માટે વાપરવામાં આવતું નથી, પણ અતિશય ખર્ચાળ રાજ્ય-તંત્રને ચલાવવાને માટે જ તેનો ઉપયોગ થાય છે. હૂંડિયામણનો દર એથી પણ વધારે મનસ્વી છે, એમાં એવી યુક્તિપ્રયુક્તિ થઇ છે કે પરિણામે કરોડો રૂપિયા દેશમાંથી તણાઇ ગયા છે.

"રાજ્યકીય દૃષ્ટિએ હિંદુસ્તાનની સ્થિતિ આજે બ્રિટિશ સત્તા તળે જેવી થઇ પડી છે તેવી અગાઉ કદી નહોતી. સુધારાઓને નામે જે ઓળખાય છે તેથી પ્રજાને ખરી રાજ્યસત્તા મળી નથી. પરદેશી સત્તા આગળ આપણામાંના મોટા માંધાતાને પણ માથું નમાવવું પડે છે. છૂટથી વિચાર દર્શાવવાના અને છૂટથી સભાઓ ભરવાના હક આપણી પાસેથી છીનવી લેવામાં આવ્યા છે, અને આપણા દેશબંધુઓમાંના ઘણાને દેશવટો ભોગવવો પડે છે અને પોતાને દેશ આવવાની છૂટ રહી નથી. રાજ્યકાર્યશક્તિનો આપણામાંથી સંપૂર્ણ રીતે હ્રાસ થયો છે અને પ્રજાના સામાન્ય વર્ગને કારકૂની અને પટેલતલાટી કે મહેતાગીરીની નોકરી સિવાય બીજી નોકરી રહી નથી.

"સંસ્કૃતિની દૃષ્ટિએ બ્રિટિશ રાજ્યની અસર વિચારીએ. આપણા દેશની સંસ્કૃતિ કેવી હતી તેનું ભાન ભૂલી આપણને નવી કેળવણીએ પશ્ચિમ તરફ જોતા કરી દીધા છે અને આપણને તાલીમ જ એવા પ્રકારની મળી છે કે આપણી બેડીઓ કઠવાને બદલે આપણને તે ભાવી ગઇ છે.

"આધ્યાત્મિક રીતે જોતાં આ રાજ્યે બળાત્કારે આપણી પાસેથી હથિયાર છીનવી લીધાં છે તેથી આપણે નામર્દ બની ગયા છીએ, અને આપણા દેશમાં પરદેશી લશ્કર અડ્ડો જમાવીને પડ્યું છે. તેણે અન્યાય અને અત્યાચારની સામે થવાની આપણી શક્તિનો નાશ કર્યો છે, અને આપણામાં એવી ભીરુતા દાખલ કરી છે કે આપણે એમ માનતા થઇ ગયા છીએ કે પરદેશીઓના વિના આપણાથી આપણો પરસ્પર વ્યવહાર ન ચલાવી શકાય, પરદેશી પ્રજાના હુમલા સામે બચાવ ન કરી શકાય, એટલું જ નહિ પણ આપણાં ઘર અને કુટુંબનું ચોર, લૂંટારા અને દુષ્ટ માણસોની સામે રક્ષણ પણ ન કરી શકાય.

"આપણા દેશનું આવું ચતુર્વિધ સત્યાનાશ જે રાજ્યે વાળ્યું છે તે જાણ્યા પછી તે રાજ્યને વધારેવાર તાબે રહેવામાં મનુષ્ય અને ઇશ્વરનો આપણે ગુનો કરશું એમ અમારો સ્પષ્ટ અભિપ્રાય છે. પણ અમે એ પણ માનીએ છીએ કે અમારો સ્વાતંત્ર્ય મેળવવાનો અતિશય કાર્યસાધક માર્ગ હિંસાનો નથી પણ અહિંસાનો છે. એટલે અમે અમારાથી બને તેટલી હદ સુધી બ્રિટિશ સરકારનો આપણી ઇચ્છાએ ચાલતો સહકાર છોડીને એ રાજ્યમાંથી છૂટવાની તૈયારી કરશું અને સવિનય કાનૂનભંગ (જેમાં કર ન ભરવાનો સમાવેશ થાય છે તે)ને માટે પણ તૈયારી કરશું. અમને ખાતરી છે કે જો આપણે આ રાજ્યને સ્વેચ્છાએ જેટલી મદદ આપીએ છીએ તે ખેંચી લઇએ અને ગમે તેટલી ઉશ્કેરણી છતાં હિંસા કર્યા વિના કર ભરવાનું બંધ કરીએ તો આ અમાનુષી રાજ્યનો અંત આપણે અવશ્ય આણી શકશું.

"એટલે અમે આજે હૃદયપૂર્વક પ્રતિજ્ઞા કરીએ છીએ કે પૂર્ણ સ્વરાજ્ય સ્થાપવાને માટે મહાસભા વખતોવખત જે સૂચનાઓ બહાર પાડશે તેનો અમે અમલ કરશું."*

---

* તા. ૨૬ મી જાન્યુઆરીના "પૂર્ણ સ્વરાજ" દિને લેવાયેલી પ્રતિજ્ઞા.

એ અમોઘ શક્તિ

अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

'અહિંસાની પ્રતિષ્ઠા થતાંની સાથે જ ઝેરવેર શમી જાય છે.'

(પાતંજલયોગસૂત્ર)

"**મહાસભાની** કાર્યવાહક સમિતિના અભિપ્રાય પ્રમાણે સવિનય કાનૂનભંગનો આરંભ અને અંકુશ એવી વ્યક્તિના હાથમાં હોવો જોઈએ કે જેને માટે પૂર્ણ સ્વરાજપ્રાપ્તિને માટે અહિંસા એ ધર્મરૂપ હોય; અને મહાસભાની સંસ્થામાં આવી રીતે અહિંસાને ધર્મ માનનારાં સ્ત્રીપુરુષો ઉપરાંત દેશની વર્તમાન હાલતમાં અહિંસાને એક અનિવાર્ય યુક્તિ માનનારા પણ છે તેથી કાર્યવાહક સમિતિ મહાત્મા ગાંધીની સવિનય કાનૂનભંગ કરવાની દરખાસ્તને વધાવી લે છે, અને મહાત્મા ગાંધીને તથા તેમની સાથે કામ કરનારા જેઓ સ્વરાજ-પ્રાપ્તિને માટે અહિંસાને ધર્મ માનતા હોય તેમને, તેઓ ઇચ્છે ત્યાં અને તેવી રીતે અને તેઓ ઠરાવે તે મર્યાદાની અંદર સવિનય કાનૂનભંગ શરૂ કરવાનો કાર્યવાહક સમિતિ અધિકાર આપે છે.

"કાર્યવાહક સમિતિ આશા રાખે છે કે જ્યારે સત્યાગ્રહની લડત ચાલુ હશે ત્યારે મહાસભાવાદીઓ અને બીજા બધા, સત્યાગ્રહીઓને દરેક રીતે પૂર્ણ સહકાર આપશે અને ગમે તેટલી ઉશ્કેરણી છતાં પણ તેઓ સંપૂર્ણ શાંતિ પાળશે અને જાળવશે.

"કાર્યવાહક સમિતિ વળી આશા રાખે છે કે સત્યાગ્રહ વ્યાપક સ્વરૂપ લે તો જેઓ સરકારને ઇચ્છાપૂર્વક સહકાર આપી રહ્યા છે

(જેવા કે વકીલો), અને જેઓ સરકાર પાસેથી કહેવાતા લાભ લઇ રહ્યા છે (જેવા કે વિદ્યાર્થીઓ), તેઓ પોતાના સહકાર અને લાભનો ત્યાગ કરશે અને સ્વરાજની આ આખરી લડતમાં ઝંપલાવશે.

"કાર્યવાહક સમિતિ વિશ્વાસ રાખે છે કે નેતાઓ પકડાય અને કેદમાં જાય તો ત્યાગશક્તિ હોય અને સેવાની ભાવના હોય તેઓ મહાસભાની સંસ્થા ચલાવશે અને પોતાની શક્તિ પ્રમાણે લડતને રૂપ આપશે."

કાર્યવાહક સમિતિના આ ઠરાવથી મને મુક્તિનો પટ્ટો તો મળે છે જ, પણ સાથેસાથે મારા હાથ પણ સખ્ત રીતે જકડાય છે. કેટલાક મહિના થયાં જે નુસખો શોધવાને હું ઉજાગરા કરી રહ્યો હતો તે નુસખો આ ઠરાવમાં રહેલો છે. મારે માટે આ ઠરાવનું રાજકીય કરતાં ધાર્મિક મહત્ત્વ વધારે છે. મહાસભાને નામે સત્યાગ્રહ આરંભવામાં મને સિદ્ધાન્તનો બાધ આવતો હતો. અનેકવિધ વિચારો ધરાવનારા સભ્યોની બનેલી સંસ્થા મારફત હું અહિંસાનો પ્રયોગ ન ચલાવી શકું એમ મને લાગ્યું. એ પ્રયોગ બહુમતીથી તો ન જ થઇ શકે, અને સંભવ છે કે અહિંસાના પાલન કરનારને આખા જગતથી ઊલટા જ ચાલવું પડે.

જેની પાસે અનેક સાધનો કે માર્ગો રહેલા છે તેને હમેશાં એક બદલીને બીજો ગ્રહણ કરવાની લાલચ રહેવાની જ. એટલે જેઓ અહિંસાને ઘણાંમાંનું એક સાધન માને છે તેઓ હિંસાની લાલચ મળતાં અહિંસાને તજી પણ દે. પણ જેમની પાસે અહિંસા ધર્મ છે, એટલે તે સિવાય બીજો માર્ગ જ નથી, તેમને તો તેમનામાં અહિંસા સાચે જ જાગૃત હશે તો તેમાંથી જ પોષણ મળ્યા કરશે. એટલે જ મહાસભાના અંકુશમાંથી મુક્ત થવાની મને આવશ્યકતા

જણાઇ. કાર્યવાહક સમિતિના સભ્યો મારું કહેવું યોગ્ય છે એમ સમજી શક્યા તે માટે હું પ્રભુનો અનુગ્રહ માનું છું.

આ ઠરાવનો કોઇ અનર્થ ન કરે. આમાં કાંઇ ઊંચાનીચાનો સવાલ નથી. સ્વરાજ મેળવવાને માટે અહિંસાને જેઓ ધર્મ માનતા હોય તેઓ અહિંસાને એક યુક્તિ માનનારા કરતાં કોઇ પણ રીતે ચડિયાતા નથી, જેમ કાળી કે પીળી ચામડીનાં માણસોમાં કોઈ ચડતાઊતરતા નથી. દરેક પોતપોતાની મતિ અનુસાર વર્તે તેમાં કોણ મોટા ને કોણ નાના ?

જે જવાબદારી મેં વહોરી છે તેવી જબરી જવાબદારી અગાઉ કદી મારી ઉપર આવી નહોતી. પણ આ જવાબદારી ઠેલાય તેમ નહોતું. છતાં જો મારા પ્રત્યેક પગલામાં અહિંસા જ હશે તો બધું કુશળ છે. કારણ અહિંસા વિષેનું આ અમર સૂત્ર ઋષિએ પોતાના અનુભવમાંથી જ ઘડયું છેઃ 'અહિંસાની પ્રતિષ્ઠા થતાંની સાથે જ ઝેરવેર શમી જાય છે.' 'અહિંસા'નો વ્યકત અર્થ પ્રેમ છે, કેમકે તેને આપણે પ્રેમરૂપે જ વ્યકત કરી કે ઓળખી શકીએ છીએ. પ્રેમને વિષે બાઇબલમાં કેટલાંક સુંદર વચનો છે. તેમાં આવે છેઃ

"પ્રેમ પડોસીનું ભૂરું ઇચ્છતો નથી;
પ્રેમને સૌનો વિશ્વાસ છે;
પ્રેમને સદા આશા રહે છે;
પ્રેમ કદી નિષ્ફળ જતો નથી."

પ્રેમમાં કોઈવાર સવિનય કાનૂનભંગ અનિવાર્ય થઇ પડે છે. એ ભંગમાં અવશ્ય જોખમ રહેલું છે. પણ આપણી ચોમેર ચાલી રહેલી હિંસામાં ઓછું જોખમ નથી. એ હિંસાના નાશકારક તાપને શાંત કરવાનો અંતિમ અહિંસક માર્ગ સવિનય કાનૂનભંગ જ છે. આ ઉપાય યોજવામાં એક જ જોખમ રહેલું છે, તે એ કે સવિનય

કાનૂનભંગ ચાલતો હોય ત્યારે ખુનામરકી પણ ફાટી નીકળે. જો તેમ થાય તો હવે માર્ગ ચોખ્ખો છે—હવે ૧૯૨૨માં કરવું પડયું હતું તેમ સવિનય ભંગ મુલતવી રાખવાપણું નથી. સ્વરાજ્યયજ્ઞને અંગે ચાલતું હિંસા અને અહિંસાનું યુદ્ધ એક પણ અહિંસાવાદી જીવતો રહ્યો હોય ત્યાં સુધી બંધ થઈ જ ન શકે, પછી તે હિંસા ગમે તે પક્ષના તરફથી ભલે થતી હોય. અહિંસાને માટે પ્રાણ આપવા કરતાં અધિક માણસ શું કરી શકે? એથી ઓછું કરે તો તેની અહિંસા વિષેની શ્રદ્ધા ખોટી અથવા મોળી ઠરે.

હું કેદ થાઉં ત્યારે—*

આપણે માની જ લઈએ કે જ્યારે સવિનય ભંગનો આરંભ હું કરીશ ત્યારે સરકારને મને કેદ કર્યા વિના નહિ ચાલે. તેથી જેમ પૂર્વે કર્યો હતો તેમ આ વેળા પણ તે વિષે વિચાર કરી લઈએ.

૧૯૨૨ની સાલમાં હું કેદ થયો ત્યારે બધા સાથીઓને વિનવી વિનવીને લખાણથી ને મોઢે કહી ગયો હતો કે ન હડતાળ પાડવી, ન કંઈ ધાંધલ કરવી, પણ રચનાત્મક કાર્ય કર્યે જવું. ધાંધલ ન કરવાની સૂચનાનું પાલન આખી પ્રજાએ કરી અહિંસાધર્મનું પાલન કર્યું, કહો કે મારા પ્રત્યેનો પ્રેમ સિદ્ધ કર્યો. રચનાત્મક કાર્ય પ્રજા બહુ ન કરી શકી.

આ વેળા રચનાત્મક કાર્ય તો બને ત્યાં લગી ચલાવવાનું છે જ. પણ આ વેળા પ્રત્યેક અહિંસાને ધર્મ માનનારનો યથાશક્તિ સવિનય ભંગ કરવાનો ધર્મ છે. સહુ સ્વેચ્છાએ પોતાને અહિંસાવાદી માની સવિનય ભંગ ચલાવી નહિ શકે. પણ પોતાના જિલ્લાના કે પોતાના સૂબાના મુખીની પાસે પોતાના વિચારો રજૂ અવશ્ય કરે, અને જો મુખી પોતે કંઈ હિલચાલ આદરે તો તેમાં પૂરો ભાગ અને ભોગ આપે. જ્યાં લગી હું બહાર છું ત્યાં લગી તો જે હું કર્યા કરું તે સત્યાગ્રહી જોયા કરે ને હું નોતરું તો મદદ કરે. નોતર્યા વિના કોઈએ કશો આરંભ કરવાની આવશ્યક્તા નથી

આ વેળા મારો ઇરાદો કેવળ આશ્રમવાસી અથવા આશ્રમની તાલીમને વશ રહી ચૂક્યા છે ને તેને માને છે તેવાઓની મારફતે

* આ જ વિષય ઉપર જરા વિશેષ ખુલાસાવાર બીજે અઠવાડિયે શ્રી. મહાદેવભાઈએ લખ્યું છે તે માટે જુઓ પૃ. ૨૨

જ આરંભ કરવાનો છે. મુખ્ય સત્યાગ્રહીઓને પણ હાલતુરતને સારુ બહાર રાખવાનો ઇરાદો છે. આ યુદ્ધમાં હું મારી પોતાની અને આશ્રમની પરીક્ષા પહેલી કરવા ઇચ્છું છું. મારી ઉપર અને આશ્રમની ઉપર મિત્રો અને પ્રજાએ જે વિશ્વાસ રાખ્યો છે, અમને જે લાડ લડાવ્યાં છે તેને સારુ અમે લાયક છીએ કે નહિ એની પરીક્ષાનો સમય હવે આવ્યો છે. નાના ત્યાગો તે ભોગરૂપ થયા છે. અમે પેદા કરી લીધેલી સગવડોનો પાર નથી. તેની પાછળ કલ્પના બલિદાનની યોગ્યતા મેળવવાની રહેલી છે. એ યોગ્યતા જો પંદર વર્ષના પ્રયોગ પછી પણ સિદ્ધ ન કરી શકાય તો આશ્રમે ને મારે મટી જવામાં આશ્રમનું, પ્રજાનું ને મારું શ્રેય છે. એટલે આરંભ આશ્રમવાસીઓથી જ કરવાનો નિશ્ચય છે. તેમાં હું હોઇશ કે નહિ એ તો કોણ કહી શકે?

મારા જેલ જવા પછી મોટામાં મોટી સંભાળવાની વસ્તુ ખુનામરકી છે. ખુનામરકી થાય ત્યાં સત્યાગ્રહીએ તે અટકાવતાં ખપી જવાનું રહ્યું છે. આ મર્યાદાનું પૂર્ણપણે પાલન કરીને લડત ચાલુ રહેવી જોઇએ. તે સમયે પાળવાના નિયમો આ અંકની* સાથે જ આપ્યા છે. મારે મન આ આખરી ફેંસલો છે. લડત લાંબી ચાલો કે ટૂંકી, ઇશ્વરાધીન છે. પણ હવે કશું મુલતવી રાખવાપણું નથી. સત્યાગ્રહીની ત્રણ સ્થિતિ હોય:

૧ એ જેલમાં કે એને લગતી સ્થિતિમાં હોય; અથવા

૨ લડતમાં ક્યાં યે રોકાયેલ હોય; અથવા

૩ રેંટિયો ચલાવતો હોય કે તેને લગતી કે તેના જેવી સ્વરાજને આગળ લઈ જતી કોઈ પણ પ્રવૃત્તિમાં રોકાયેલ હોય.

આ યજ્ઞમાં આખા હિંદુસ્તાન પાસેથી મેં મોટા બલિદાનની આશા બાંધી છે. પણ મોટામાં મોટી આશા ગુજરાતની પાસે છે.

---

* જુઓ પૃ. ૨૭

['હું કેદ થાઉં ત્યારે-'

'હું કેદ થાઉં ત્યારે- 'વાળો લેખ ગયા 'નવજીવન 'માં આપ્યા પછી (જુઓ પૃ. ૨૦) એ જ ભાવનો અંગ્રેજી લેખ ગાંધીજીએ ' યંગ ઈંડિયા'માં લખ્યો હતો. એ લેખમાં કેટલીક વિશેષતા છે તે વાચકને માટે અહીં આપવામાં આવે છે. અંગ્રેજી લેખમાં સવિનય ભંગની લડત, અહિંસાની મર્યાદાનું સંપૂર્ણપણે પાલન કરીને, સ્વરાજ મળે ત્યાં સુધી એકધારી ચાલુ રાખવાની અને લડતના આરંભને આશ્રમવાસીઓ પૂરતી મર્યાદિત રાખવાની વાત ઉપરાંત જે વસ્તુ રહેલી છે તે નીચે આપવામાં આવે છેઃ-

" ૧૯૨૨ની સાલમાં તોફાન ન કરવાની મારી સલાહનું લોકોએ એટલું તો અક્ષરશઃ પાલન કર્યું કે એક અંગ્રેજ ઉમરાવને તિરસ્કારથી એટલે સુધી બોલવાનું સૂઝયુંઃ ' ગાંધી પકડાયો ત્યારે એક કૂતરૂં યે ન ભસ્યું.' દેશમાં કયાંય તોફાન નથી થયું એમ મેં જેલમાં સાંભળ્યું ત્યારે મને તો એ ખબરથી એમ સિદ્ધ થતું લાગેલું કે અહિંસાનો ઉપદેશ લોકો બરાબર સમજ્યા છે, બારડોલીનો ઠરાવ યોગ્ય જ થયો છે. પણ જો મારા પકડાયા પછી 'કૂતરાં' ભસ્યાં હોત અને ખુના-મરકી ફાટી નીકળી હોત તો શું થાત એની કલ્પના કરવી એ મૂર્ખાઈ છે. છતાં એક વાત તો જરૂર કહી શકાય એમ છે કે જો તેમ થયું હોત તો લાહોરમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ તો ન જ થયો હોત, અને અહિંસાની અમોઘ શક્તિ વિષે અવિચલ શ્રદ્ધા રાખનાર ગાંધી ભયંકરમાં ભયંકર જોખમ ખેડીને મોટા ધમસાણનો વિચાર કરવાને માટે આજે હોત જ નહિ.

" પણ આ વેળા શું કરવાનું છે તેનો વિચાર કરીએ. આ વેળા મારા પકડાયા પછી જે શાંતિ રાખવામાં આવે તે મૂંગી, નિષ્ક્રિય શાંતિ ન હોય, પણ દાવાનળ જેવી સક્રિય શાંતિ હોય એવી આશા રાખીશ, જેથી કરીને અહિંસાને ધર્મ માનનાર એક પણ સત્યાગ્રહી ગુલામી

ભોગવવાને માટે તો છૂટો અથવા જીવતો ન રહેલો હશે. એટલે મારા પછી સત્યાગ્રહની લગામ જેના હાથમાં આવે તેના હુકમ દરેક સત્યાગ્રહીએ પાળવા જોઇશે, પછી ભલે એ લગામ કોઇ વ્યક્તિના હાથમાં હોય કે મહાસભાના હાથમાં હોય. આ ઘડીએ આખા ભારતના સત્યાગ્રહયુદ્ધની લગામ મારા પછી કોણ ચલાવશે તે હું કહી શકતો નથી. પણ જેના હાથમાં એ લગામ આવે તે એક શરત તો પાળતો હશે જ કે સ્વરાજ માટે અહિંસાને જ ધર્મ માનનાર તે હોવો જોઇશે. કારણ એવી જાગૃત શ્રદ્ધા વિના અણીની ઘડીએ એને અહિંસક ઉપાય ન સૂઝે.

"આ સાથેસાથે સમજી લેવું જોઇએ કે અહીં જે કહેવામાં આવે છે તેથી કોઇ પણ રીતે મહાસભાની કુલમુખ્ત્યારી કે સત્તા ઉપર જરાય અંકુશ મૂકવામાં આવતો નથી. અહીં જે લખવામાં આવે છે તેમાંની એટલી જ વસ્તુ મહાસભા ગ્રહણ કરશે જેટલી મહાસભાવાદીઓને પસંદ પડે. મારી સૂચના બરોબર સમજવી હોય તો મહાસભાની કાર્યવાહક સમિતિએ મને આપેલી કુલસત્તાનો મર્મ પૂરેપૂરો સમજવો જોઇએ. અહિંસા જેમ પોતાની સ્વતંત્રતા ઉપર કોઇપણ પ્રકારનો અંકુશ સહન નથી કરી શકતી તેમ કોઇ વ્યક્તિ કે સંસ્થા ઉપર તે કોઇ પણ પ્રકારનો અંકુશ મૂકતી નથી, સિવાય કે જે અંકુશ તે વ્યક્તિ અથવા સંસ્થા સ્વેચ્છાએ પોતા ઉપર મૂકવા ઇચ્છે. જ્યાં સુધી મહાસભાવાદીઓનો મોટો ભાગ વર્તમાન સંજોગોમાં અહિંસાને એકમાત્ર શસ્ત્ર તરીકે માનતો રહેશે, અને મારા પછી સત્યાગ્રહની લગામ લેનારાની અને અહિંસાને ધર્મ માનનારા બીજાની પ્રામાણિકતા વિષે વિશ્વાસ રાખતો હશે એટલું જ નહિ પણ મારા પછી આવનારની સત્યાગ્રહ ચલાવવાની શક્તિ વિષે પણ વિશ્વાસ રાખતો હશે ત્યાં સુધી મહાસભા તો વ્યક્તિને અને બીજા અહિંસાવાદીઓને પોતાના આશીર્વાદ આપશે અને મારી સૂચના તથા તે વ્યક્તિની સૂચનાને માન આપતી રહેશે.

"જો લડત વ્યાપક સ્વરૂપ લેશે—અને મને આશા છે કે લેશે—તો તે સ્વતઃ અંકુશિત રહેશે એવો મને વિશ્વાસ છે. પણ અહિંસાને

ધર્મ માનનાર કે એક સાધન માનનાર દરેક જણે સત્યાગ્રહને મદદ કરવી જોઇશે. વ્યાપક સ્વરૂપની લડતો જ્યાં જ્યાં ચાલી છે ત્યાં અણધારા પ્રણેતાઓ નીકળી જ આવ્યા છે. આ લડત એ નિયમનો અપવાદ ન જ હોય. એટલે ખુનામરકીને અટકાવતાં ખપી જવાની સંપૂર્ણ તૈયારી રાખીને આ સવિનય ભંગની લડત એક પણ સત્યાગ્રહી જીવતો રહે અથવા સ્વરાજ ન મળે ત્યાં સુધી બંધ રાખવાની જ નથી."

આટલું જણાવીને ગુજરાતી લેખમાં વર્ણવેલી સત્યાગ્રહીની ત્રણ સ્થિતિ ગાંધીજીએ ગણાવી છે: જેલમાં, લડતમાં, કે હુકમ મળે ત્યાં લગી રચનાત્મક કાર્યમાં રોકાયેલો.

ગાંધીજી પકડાય તો

ગાંધીજી પકડાય તો શું કરવું એ વિષે ગાંધીજી કહી ચૂકયા. પણ તેમણે વર્ણવેલી દાવાનળ જેવી સક્રિય શાંતિનો અર્થ ખેડૂતોના સરદાર ખેડૂતોને માટે શો કરે છે તે ટૂંકામાં આપવા ઇચ્છું છું. આજકાલ સરદાર પોતાના દાંતના દરદના ઉપચાર માટે ભરૂચ ગયા છે. સૌને કહે છે: 'જેલમાં કઠણ રોટલા મળશે તે ખાવાને દાંત જરા મજબૂત કરાવી લઉં.' પણ ઉપચાર કરાવતાં કરાવતાં પણ તેઓ દરેક સાંજે એકાદએ જગ્યાએ જઇને ગાંધીજીનો સંદેશો સંભળાવી આવે છે. દરેક ભાષણમાં ગાંધીજી પકડાશે ત્યારે 'એકે કૂતરૂં ન ભસે' એ તિરસ્કારયુક્ત વચનનો તેઓ ઉલ્લેખ કરે છે અને લોકોને કહે છે કે એ ઉમરાવના કાન ત્યાં વિલાયતમાં બેઠાબેઠા ફાટી જાય એટલાં કૂતરાં ભસાવજો. પણ તે કેવી રીતે ?

"તોફાન કરીને નહિ, પાટા ઉખેડીને નહિ, પોલિસ અમલદારો ઉપર ગુસ્સે થઇને નહિ. આપણાં તોફાન, આપણી લાઠી, આપણી આગ, એ બધાંને પહોંચી વળવાને માટે આ રાક્ષસી સરકારની પાસે રાક્ષસી સાધનો ભરેલાં છે. પણ આપણી આત્મશકિત આગળ એ બધાં હથિયાર ખોટાં થઇ પડવાનાં છે. હું તો ખેડૂતોમાં ફરનારો રહ્યો એટલે ગુજરાતના તમામ ખેડૂતોએ શું કરવું એ કહી દઉં.

૧ ગાંધીજી પકડાય તો એક પણ તલાટી કે પટેલ પોતાની નોકરી ઉપર ન રહે. બારડોલીમાં જેમ બધા જ પટેલ અને ઘણા તલાટીઓએ સરકારનું તંત્ર બંધ કરી દીધું હતું તેમ આખા ગુજરાતનાં ગામડાં સરકારી પટેલતલાટીઓ વિનાના કરી મૂકજો.

૨ પટેલ તલાટીઓ તો રાજીનામું આપે જ, પણ દરેક ખેડૂત પોતાના દીકરા અને સગાવહાલાને સરકારી નોકરીમાંથી બોલાવી લે, તેની પાસે રાજીનામું અપાવે.

૩ દરેક ખેડૂત તમામ સરકારી અમલદાર સાથે પૂરેપૂરો અસહકાર કરે, તેનો પડછાયો ન લે, તેનો સામાજિક બહિષ્કાર કરે. ખેડૂતનું મોટામાં મોટું શસ્ત્ર સામાજિક બહિષ્કાર છે. જે રાજ્યમાં આટલો અન્યાય વર્તતો હોય, જે રાજ્યમાં આખી પ્રજાના હૃદયના સરદારને જેલ ભોગવવાની હોય તે રાજ્યમાં નોકરી કરી પગાર લેવો તે વિષ્ટા લેવા બરાબર છે. એવા નોકરોનો પડછાયો પણ ખેડૂત ન લે, અને તેને ખબર પાડે કે તે આખા ગુજરાતમાં 'અસ્પૃશ્ય' છે.

૪ વકીલો ગમે તે કરે, અદાલતમાં જતાં તેમને ભલે શરમ ન આવે, પણ એ વકીલોનો આશરો કોઇ પણ ખેડૂત ન શોધે, અને વકીલનો ન શોધે એટલે એક પણ અદાલતનો ન શોધે.

૫ દારૂતાડીને તો તે વિષ્ટા જ સમજશે. એટલે એક પણ દારૂતાડીનું પીઠું તે પોતાની હદની અંદર ન ચાલવા દે.

૬ વિદેશી કપડાં બાળીને ખાદી પહેરે.

૭ છેવટની વાત પણ તમે પૂછો છો એટલા ભલા છો, તો તમને કહું કે તમારી તાકાત હોય તો કર ન ભરો. પણ એ તમારી શક્તિનું માપ કાઢીને કરજો. ઉપર મેં કહી છે તેટલી વાત કરશો તો પછી બહુ કરવાનું ન રહે, પણ તમારી તાકાત હોય તો કર ન ભરજો. એ રાજ્યને કર આપીને એ રાજ્યને ચાલુ રાખવું એ પણ પાપ છે."

આ તો તેમનાં અનેક ભાષણોનો સાર મેં મારા શબ્દોમાં આપી દીધો. હવે શ્રી. રાજગોપાલાચાર્યના થોડા ઉદ્ગારો પણ આ જ સંબંધમાં આપી દઉં:

સાચી હડતાલ પાડો

શોલાપુરમાં એક ભાષણમાં શ્રી. રાજગોપાલાચાર્ય બોલ્યા હતા:

" આપણે આ રાજ્યમાં પેલા રેલવેના હમાલો અને કૂલીઓ જેવા છીએ. આપણને સૌને ગાંધીજી કહે છે કે એ સરકારની સામે હડતાળ જાહેર કરો. એઓ કહે છે કે એ તંત્રના પાટા ઉખેડશો નહિ, એ તંત્રનું એંજિન ચલાવનારને મારશો નહિ, એની ગાડીને બાળશો નહિ, પણ એ રાજ્યતંત્રના સાંધેસાંધા ઢીલા કરી નાંખજો અને એને ચાલતું બંધ કરી દેજો. જેટલી દિશામાં જેટલી રીતે તમારો સહકાર તમે બંધ કરી શકો તેટલી રીતે બંધ કરો, એટલે આપોઆપ એ તંત્ર બંધ પડી જશે.

" ગાંધીજી ખાદી બનાવવાની કહેતા, હવે તો મીઠું બનાવવાની વાતો કરે છે. એનું કારણ શું એમ તમે પૂછશો. કારણ સ્પષ્ટ છે. અંગ્રેજો આપણું મીઠું પચાવી પાડીને તે આપણને વેચે છે, એટલે ગાંધીજી કહે છે કે આપણે આપણું પોતાનું મીઠું પેદા કરી લો—જેમ અંગ્રેજે આપણને કાપડ વેચવાનો ઇજારો રાખ્યો છે તે તોડવા ગાંધીજી કહે છે કાપડ તમારું તમે જ બનાવી લો.

" પણ સંભવ છે કે ગાંધીજીને સરકાર મીઠું બનાવવાની પણ તક ન આપે. જો સરકાર ગાંધીજીને ઉપાડી જાય તો તમારે મીઠું બનાવવાનું રહેશે જ અને તમારે જેલમાં જવું પડશે. જેલમાં જવામાં ખોટું શું છે? અહીં આપણે આપણો રોટલો ખાઈએ છીએ, જેલમાં સરકાર આપણને રોટલા ખવરાવશે. આપણા કરોડો રૂપિયા લૂંટીને સરકારે આપણને નિર્ધન કર્યા છે, એટલે એ આપણને ન ખવડાવે તો કોણ ખવડાવે? જો આપણને ન ખવડાવવું હોય તો સરકાર દેશમાંથી વિદાય થાય. પણ આપણી પાસે બે જ રસ્તા છે: સાચી હડતાળ પાડવી અથવા જેલમાં જઈને બેસવું. "

મ૦ હ૦ દે૦

સત્યાગ્રહીની નિયમાવલી

સત્યાગ્રહ એટલે સત્યનો આગ્રહ. આ આગ્રહ રાખતાં મનુષ્યને અતુલ બળ મળે છે. આ બળને આપણે સત્યાગ્રહને નામે ઓળખીએ છીએ.

સત્યનો આગ્રહ ખરો હોય તો તે માતાપિતા, સ્ત્રીપુત્રાદિ સામે, રાજાપ્રજા સામે અને છેવટે આખા જગત સામે જાળવવો પડે.

આવો વ્યાપક આગ્રહ કરતાં સ્વજન કે પરજન, બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષનો ભેદ રહેતો નથી. એટલે કોઇની સામે શરીરબળ વાપરી શકાય જ નહિ. તેથી જે બળ બાકી રહ્યું તે અહિંસાનું—પ્રેમનું—બળ જ હોઈ શકે. આ બળનું બીજું નામ આત્માનું બળ.

પ્રેમનું બળ બીજાને ન બાળે, પોતે જ બળે. એથી સત્યાગ્રહીમાં મરણ પર્યંતનું કષ્ટ હસતે મોઢે સહન કરવાની શકિત હોવી જોઇએ.

આ ઉપરથી સ્પષ્ટ છે કે સત્યાગ્રહી અંગ્રેજી રાજ્યનો આત્યંતિક વિરોધ કરતો છતો મનથી, વચનથી કાયાથી કોઇ પણ અંગ્રેજનું અહિત ન ઇચ્છે કે ન કરે. આ વિચારશ્રેણીમાંથી અસહકાર, સવિનય ભંગ ઇત્યાદિ ઉત્પન્ન થયાં છે.

આટલી સત્યાગ્રહની ઉત્પત્તિ જેઓ યાદ રાખશે તેમને નીચેના નિયમો સહેલાઇથી સમજાશે :

૧. સત્યાગ્રહી કોઇની ઉપર ગુસ્સો નહિ કરે.

૨. તે વિરોધીનો ગુસ્સો સહન કરશે.

૩. ગુસ્સો સહન કરતાં તે વિરોધીનો માર સહન કરશે, તેને કદી મારશે નહિ, તેમ તેના ગુસ્સામાં કરેલા યોગ્ય કે અયોગ્ય હુકમને પણ મારના કે બીજા ડરથી તાબે નહિ થાય.

૪. સિપાહી કેદ કરવા આવે ત્યારે તે તેની કેદમાં સુખેથી જશે. પોતાની મિલકત જપ્ત કરવા આવશે તો તે સુખેથી આપી દેશે.

૫. પારકાની મિલકત પોતાના રક્ષણ નળે હશે તેનો કબજો તે મરતાં લગી નહિ છોડે, છતાં કબજો લેવા આવનારને મારશે નહિ.

૬. મારવું નહિ એટલે ગાળો પણ ન દેવી.

૭. તેથી સત્યાગ્રહી વિરોધીનું અપમાન નહિ કરે. હાલના કેટલાક પ્રચલિત પોકારો હિંસક છે ને સત્યાગ્રહીને સારૂ સર્વથા ત્યાજ્ય છે.

૮. સત્યાગ્રહી અંગ્રેજી વાવટાની સલામી નહિ કરે, પણ તેનું અપમાન પણ નહિ કરે. અમલદારનું કે કોઇ અંગ્રેજનું તે અપમાન નહિ કરે.

૯. લડતને અંગે કોઇ અંગ્રેજનું કે રાજ્યના અમલદારનું કોઇ અપમાન કરે અથવા તેની ઉપર હુમલો કરે તો સત્યાગ્રહી પોતાના જીવના જોખમે તેનું રક્ષણ કરશે.

કેદને વિષે

૧૦. સત્યાગ્રહી કેદ થાય ત્યારે જેલના સ્વમાનભંગ ન કરતા હોય એવા બધા નિયમોનું પાલન કરશે ને અમલદારો પ્રત્યે વિવેકથી વર્તશે. દાખલા તરીકે, તે અમલદારોની સામાન્ય સલામ લેશે, પણ નાક ઘસવાનું કહેશે તો નહિ ઘસે. તે 'સરકારકી જય બોલો' નહિ કહે. ધર્મનો બાધ ન હોય એવો ચોખ્ખો જેલનો ખોરાક તે લેશે, કચરાવાળો કે સડેલો કે મેલા વાસણમાં પીરસાયેલો કે અપમાનપૂર્વક અપાયેલો ખોરાક નહિ લે.

૧૧. સત્યાગ્રહી ખુની કેદી અને પોતાની વચ્ચે ભેદ નહિ પાડે. તેથી તેના કરતાં પોતે ઊંચો છે એમ માની કે કહી પોતાને

સારુ ખાસ સગવડ નહિ માગે, પણ શરીરની કે આત્માની હાજતને અંગે ઊભી થતી આવશ્યક સગવડ માગવાનો તેને અધિકાર છે.

૧૨. જેમાં સ્વમાનભંગ નથી તેવી સગવડો ન મળવાથી સત્યાગ્રહી અપવાસાદિ નહિ આદરે.

દલને વિષે

૧૩. પોતાની ટુકડીના સરદારે કાઢેલા બધા હુકમો પોતાને ગમે કે ન ગમે છતાં સુખેથી સત્યાગ્રહી પાલન કરશે.

૧૪ હુકમ અપમાન કરનારો, દ્વેષી કે મૂર્ખાઈભરેલો લાગે તો પણ તેનું પાલન કરીને તે ઉપરીની પાસે ફરિયાદ કરે. સત્યાગ્રહીને દલમાં જોડાતાં પહેલાં જોડાવાની યોગ્યતાનો વિચાર કરવાનો અધિકાર છે. જોડાયા પછી દલના કડવામીઠા નિયમો ને તેના નિયમનનું પાલન ધર્મ થઈ પડે છે. દલના સમગ્ર વ્યવહારમાં અનીતિ માલૂમ પડે તો સત્યાગ્રહી છૂટો પડી શકે, પણ તેમાં રહીને નિયમભંગ કરવાનો તેને અધિકાર નથી.

૧૫. કોઈ સત્યાગ્રહીએ કોઈની તરફથી પોતાની ઉપર આધાર રાખનારને સારુ ભરણપોષણની આશા રાખવાની નથી. કોઈને સારુ કંઈ પ્રબંધ થઈ શકે તો તે અણધારી વાત સમજવી. પણ સત્યાગ્રહી પોતાને અને આશ્રિતોને ઈશ્વરને શરણે છોડે. શરીરબળના યુદ્ધમાં પણ જ્યાં લાખો લડતા હોય ત્યાં કોઈની ઉપર આધાર નથી રખાતો. સત્યાગ્રહી યુદ્ધને વિષે તો પૂછવું જ શું? સાર્વભૌમ અનુભવ એ છે કે આવાઓને ઈશ્વરે ભૂખે નથી મરવા દીધા.

કોમી લડાઈમાં

૧૬. કોમી તકરાર કે લડાઈનું કારણ સત્યાગ્રહી ઈરાદાપૂર્વક ન જ બને.

૧૭. કોમી લડાઈ થાય તો તે કોઈ પક્ષની તરફેણ નહિ કરે.

જેના તરફ ન્યાય હશે તેને તે મદદ કરશે. પોતે હિંદુ હશે તો મુસલમાન ઈત્યાદિ કોમો પ્રત્યે તે ઉદારતા બતાવશે, ને હિંદુના હુમલામાંથી તેમને બચાવતાં પ્રાણ જતા કરશે. મુસલમાન ઇત્યાદિના હિંદુ ઉપર હુમલા થતા હશે તો તેમાંથી હિંદુને બચાવતાં તે પોતે પ્રાણ દેશે પણ સામે હુમલામાં કદી ભાગ નહિ લે.

૧૮. કોમી ઝઘડા ઉત્પન્ન થાય એવા પ્રસંગોમાંથી તે બને ત્યાં લગી બચશે.

૧૯. સત્યાગ્રહી સરઘસ કાઢે તો કોઇ પણ કોમની લાગણી દુખાય એવું કામ નહિ કરે. કોઇ કોમની લાગણી દુખાય એ જાતના બીજાએ કાઢેલા સરઘસમાં તે ભાગ નહિ લે.

❁

કેટલાક પ્રશ્નો

પ્ર૦ જેલમાં ખાદીનો આગ્રહ રાખી શકાય કે કેમ ?

ઉ૦ જ્યારે ખાદીનું વ્રત કલ્પાયું ત્યારે એ આગ્રહ ધ્યાનમાં નહોતો. મને તે અનાવશ્યક લાગે છે. જેલના જે નિયમો ધર્મવિરુદ્ધ નથી તેમનો અનાદર સત્યાગ્રહી સામાન્ય રીતે ન કરે. પણ સહુએ પોતાનો ધર્મ આવી બાબતમાં વિચારી લેવો ઘટે છે. કોઇએ એવું વ્રત જ લીધું હોય કે ગમે તે હાલતમાં પણ પોતે ખાદી સિવાય બીજું કપડું નહિ જ પહેરે તો તેણે ખાદીનો આગ્રહ રાખવો ઘટે છે. પણ હવે એવું વ્રત લઇને જેલમાં કોઇ જાય તો હું તે અયોગ્ય ગણું.

પ્ર૦ ૧૬૦ તાર કાંત્યા વિના ખાવું નહિ એવો જેનો નિયમ છે તે તો તકલી કરતાં રેંટિયો પસંદ કરશે. તેથી રેંટિયા ને પીંજણ વિષે આગ્રહ રાખી શકાય? તકલી ઉપર કાંતતાં તો બહુ વખત જાય, જેલના કામમાં ખલેલ પહોંચે, એટલે રેંટિયા વિના નહિ ચાલે. ૧૬૦ તારનો આગ્રહ પણ યોગ્ય છે કે કેમ ? કે થોડા તારથી જ એણે સંતોષ માનવો?

ઉ૦ કાંતવું એ યજ્ઞ છે તેથી રેંટિયાનો ને પીંજણનો આગ્રહ કરી શકાય. જેણે કાંતવાનું વ્રત લીધું હોય તેણે રેંટિયો તથા પીંજણનો આગ્રહ કરવો જોઇએ, માત્ર તકલી આપે તે બસ નથી. ૧૬૦ તારથી ઓછે ચલાવાય કે નહિ તે તો વ્રતની ઉપર આધાર રાખે છે. જો ૧૬૦ તારનું વ્રત હોય તો ઓછે ન જ ચલાવાય.

પ્ર૦ ખોરાક ગંદો આપવામાં આવે, પેશાબની વ્યવસ્થા બરાબર ન હોય, ૨–૩ મિનિટમાં જ શૌચ જઈ આવવાનું હોય, વચમાં જરૂર પડે તો ન જઇ શકાય, કામ ગજા ઉપરાંત આપવામાં આવે, આખી રાત ગિનતી બૂમ પાડીને કર્યા કરે તેથી ઊંઘ ન આવતી હોય, વગેરે બાબતોમાં સામાન્ય ધોરણ શું રાખવું? કઈ બાબતમાં કેટલો આગ્રહ ધર્મ્ય ગણી શકાય?

ઉ૦ આમાં સામાન્ય નિયમ એ છે કે જે અગવડ સહન કરી શકાય તેવી હોય ને જેમાં માનભંગ ન હોય તે સહન કરવી, બાકીની બાબતમાં સત્યાગ્રહીને શોભે તેવી રીતે લડવું. ગંદા ખોરાકને કે ગંદા વાસણને હું સહન ન કરૂં. પેશાબની ગંદકી સહન ન કરૂં, પણ મને કોટડીમાં પેશાબની સગવડ કરી આપે તો તેનો વિરોધ ન કરૂં. શૌચને સારૂ આવશ્યક વખત લઉં જ, ઉતાવળ કરે તે સહન ન કરૂં. ગણતરીની બૂમ સહન કરૂં.

ખોટી આશા ન આપો

મહાસભાવાદીઓને આમવર્ગમાં વધારે પ્રવેશ કરવાનું મળ્યું એટલે તેઓ તેમને અવિચાર્યાં વચનો આપવા માંડે અને કદી ન ફળે એવી ખોટી આશા આપવા માંડે એ જોખમ રહેલું છે. આના દાખલા તરીકે એક યુવકસંઘે હિંદીમાં પત્રિકા બહાર પાડી છે જેમાં સ્વરાજ મળ્યે અમુક વસ્તુઓ તો થશે જ એમ બતાવનારાં ૨૫ વચનો આપવામાં આવ્યાં છે. તેમાંનાં થોડાં અહીં ઉતારું છું :

'ગોહત્યા બિલકુલ બંધ થશે '

'દૂધ, દહીં, ઘી સસ્તાં થશે એટલે સૌ જબરા અને રાતામાતા થશે.'

'બાળકોનું મરણપ્રમાણ ઘટશે '

'દેશમાંથી અનાજ પરદેશ નહિ જાય.'

'લબાડીનું નામ નહિ રહે અને સૌ પ્રામાણિક બનશે.'

'બાળકો અને બાળાઓને ૧૪મા વર્ષ સુધી મફત કેળવણી મળશે.'

'જીવન સ્વચ્છ અને નીરોગ બનશે.'

'દરેક જણને આત્મરક્ષા માટે હથિયાર મળશે.'

'બાળવિધવાઓ હશે જ નહિ.'

'ટપાલખરચ અને રેલભાડું ઓછું થશે.'

વચનો તો બહુ રૂડાં છે, પણ એમાં મર્યાદાનું ભાન રહ્યું નથી, અને હિંદુસ્તાન સ્વતંત્ર થાય એટલાથી જ એ બધું થઇ જવાની

ભાગ્યે જ આશા રખાય. આમાંના ઘણાખરા સુધારા તો સમાજમાં ભગીરથ પ્રયત્ન થયા વિના નહિ થાય. પરદેશી રાજ બેશક ઘણાં અનિષ્ટોને માટે જવાબદાર છે, પણ આપણે યાદ રાખવું જોઇએ કે ઘણાં બ્રિટિશરાજ પૂર્વેનાં અનિષ્ટો એ ગુલામી આણવાને માટે જવાબદાર હતાં. એટલે પરદેશી રાજ્યની ઝૂસરી નીકળે એ તો મૂડદામાં પ્રાણ મૂકવા જેવું થઇ પડશે, છતાં તેથી બધા રોગોનું નિવારણ થઈ જશે એમ માનવાનું કારણ નથી; રોગોનું નિવારણ કરવાની શક્તિ આપણામાં અવશ્ય આવશે.

ગોહત્યાની વાત કરીએ. સ્વરાજ મળ્યું કે તરત ગોહત્યા નહિ અટકે. એ તો આપણા મુસલમાન ભાઇઓની ભલમનસાઇથી, અને ખૂબ વિચારને અને એથી પણ વધારે પ્રયત્નને પરિણામે, અટકી શકે. એ પ્રશ્ન ધાર્મિક કરતાં વધારે આર્થિક છે. જો આપણે આ પાનાંમાં વર્ણવેલું શુદ્ધ ગોરક્ષાશાસ્ત્ર જાણતા હોત અને તે પ્રમાણે અમલ કરતા હોત તો ગાયનું આજે જ રક્ષણ થઇ શકત. પણ આજની સ્થિતિમાં ભાવી આશાઓમાં ગોરક્ષાને ગણાવતાં ગોરક્ષાને જોખમમાં નાંખવા બરોબર થશે. હવે બીજી બાબતો ઉપર નજર ફેરવી જશું.

દૂધ, દહીં અને ઘી સસ્તાં ત્યારે જ થશે કે આપણે એ સંબંધી વિજ્ઞાનનો ઉપયોગ કરતાં શીખશું—કેવળ સ્વરાજથી ન સસ્તાં થાય.

બાળમરણનું પ્રમાણ દેશનું દળદર દૂર થશે અને પુખ્ત ઉમરનાં સ્ત્રીપુરુષો બાળઉછેરની કળા શીખશે ત્યારે ઓછું થશે, બીજી રીતે ઓછું ન થાય.

આપણે આપણી જરૂરિયાત કરતાં વધારે અનાજ પેદા કરતાં હોઇશું તો તે આપણા લાભની ખાતર તેમજ જગ.સમાજના લાભની ખાતર આપણે જરૂર પરદેશ મોકલશું.

લબાડી તો તો જ બંધ થશે જો આપણે અહિંસા અને સત્યથી સ્વરાજ મેળવ્યું હશે, **બીજી રીતે નહિ.**

૧૪ વર્ષનાં તમામ બાળકો અને બાળાઓને મફત કેળવણી આપણે કોઈ દિવસ પણ આપી શકશું કે કેમ એ વિષે મને શંકા છે. પણ તેમની પાસે હસ્તઉદ્યોગ કરાવીને તેમની મજૂરી ફી તરીકે લઇને આપણે તેમને અવશ્ય કેળવી શકશું. અને આ તો ત્યારે જ થાય જ્યારે પ્રજાના મનમાંથી શિક્ષણના ખોટા ખ્યાલ દૂર થાય.

આપણે સામુદાયિક સ્વચ્છતા ન શીખીએ તો જીવન આજે છે તેટલું જ અસ્વચ્છ રહેશે.

સૌને તો માગ્યાં હથિયાર ન મળે એ વિષે મને ખાતરી છે, પણ આજે છે તેમાંનાં ઘણાં બંધનો દૂર થશે, એટલે ઘણાને મળશે. અને હથિયારબંધીનો કાયદો પણ હશે જ, પણ તે આજે ચાલે છે તેનાથી જુદા જ હેતુથી ચાલતો હશે.

આપણને સ્વરાજ મળે તેની સાથેસાથે ધર્માંધતા અને કામવૃત્ત નાબૂદ થઇ બુદ્ધિયુક્ત ધર્મશ્રદ્ધા અને સંયમ ન આવે ત્યાં સુધી બાળ-વિધવાઓ ઓછી નથી થવાની.

ટપાલખર્ચ છે એથી ઓછું કરવાનું બની શકશે કે કેમ એ વિષે મને ખાતરી નથી. રેલભાડાં ઓછાં થાય ખરાં.

પણ આપણે માટે અનેક સુધારા કરવાની સ્વરાજની શક્તિ વિષે યુવકસંઘની માન્યતા સાચી હોય અને હું ખોટો હોઉં એ સંભવે. મુદ્દો એ નથી કે કોણ સાચું છે. મુદ્દો તો એ છે કે ઉતાવળાં વચન આપવાં એમાં વિચારનો અભાવ છે અને વિવેકશૂન્યતા છે. આપણે તો આજે નિર્વિવાદ રીતે એટલું જાહેર કરી શકીએ એટલે બસ છે કે:

આપણી આર્થિક, રાજકીય. સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રગતિમાં આડે આવનાર મહાવિઘ્નનો સ્વરાજ મળ્યે નાશ થશે;

એ વિઘ્નનો નાશ ન થાય તો પ્રગતિ અશક્ય છે અને એ વિઘ્ન દૂર થવામાં જેટલો વિલંબ થાય તેટલો જલદી દેશ દેવાળાને અને આપઘાતને પંથે વળશે.

અંતિમ પરીક્ષા

વાઇસરૉયસાહેબનો પત્ર રવિવારે અહીંથી રવાના થયો. મંગળવારે તેમને મળ્યો. તેમાં જણાવ્યા પ્રમાણે તેમના તારની રાહ જોયા બાદ તે ગુરુવારે પ્રગટ કરવા છાપાંને આપ્યો. આ અંકમાં તેનો તરજૂમો પણ વાંચનાર જોશે.

બુધવારે સવારે પો ફાટતાં ઈશ્વરકૃપા હશે તો હું કૂચ કરવાની આશા રાખું છું. સુરત તરફ મીઠું સહેલાઈથી પકાવવાની સગવડો પુષ્કળ છે એમ તે તરફના સેવકો કહે છે. વળી તેઓ કહે છે કે ત્યાં સંપૂર્ણ શાન્તિ જળવાવાનો સંભવ છે, ને સાથસાથ આમવર્ગ તરફથી મદદ મળવાનો પણ સંભવ છે. સુરત જિલ્લામાં યે જલાલપુર તાલુકામાં પ્રવેશ કરવાનો ઠરાવ છે. સન ૧૯૨૧માં જ્યારે બારડોલીની મારફતે સ્વરાજ્યની લડત શરૂ કરી હતી ત્યારે પણ જલાલપુર તાલુકા તરફથી માગણી હતી, અને ત્યાંના કેટલાક મીઠા અનુભવો હજુ યે મને યાદ છે. આજે પણ ત્યાં રચનાત્મક કામ સારૂં ચાલી રહ્યું છે. મીઠું પકાવવાની સગવડ એ તાલુકામાં પુષ્કળ છે, લોકોમાં ઉત્સાહ છે અને દરેક રીતે લોકો પોતે લડતમાં ભાગ લેવા તૈયાર છે: આમ સરદાર વલ્લભભાઈની માન્યતા છે, અને તેથી તેમણે જલાલપુર તાલુકો મીઠાના કાયદાનો સવિનય ભંગ કરવાને સારૂ પસંદ કર્યો છે. ત્યાં લગી હું અથવા તો સાથીઓ પહોંચીશું કે નહિ, એટલે અમને સરકાર પહોંચવા દેશે કે નહિ, એ મોટો પ્રશ્ન છે. હું માનું છું કે અમને પહોંચવા નહિ દે. એમ થાય તો યે જલાલપુર તાલુકો લડતમાં સંપૂર્ણ ભાગ લેશે એવી આશા હું રાખીશ.

સરદારને તો એમ થવાની ખાતરી જ છે. પણ એટલેથી મારો લોભ અટકે તેમ નથી. આ વખતે આખી ગુજરાત તરફથી હું સારા ફાળાની આશા રાખું છું, અને ગુજરાત પહેલ કરશે તો આખું હિંદુસ્તાન જાગશે એમાં મને શંકા નથી. પ્રજામાં ભારે જાગૃતિ થાય ત્યારે ખૂનખરાબી થવાનો ભય હમેશાં રહેલો જ હોય છે. આ અહિંસાત્મક યુદ્ધ એ ભયથી મુક્ત નથી. હિંસાઅહિંસાનો જ્યાં સવાલ નથી ત્યાં ખૂનખરાબી થાય તેનું કોઇને દુઃખ હોતું નથી. ઘણા તો તેને વધાવી પણ લે છે. પણ આ યુદ્ધમાં એક મોટો સમુદાય છે, જેનો ધર્મ ખૂનખરાબીને વધાવવાને બદલે રોકવાનો છે. એ ભયથી આજ લગી હું પોતે સવિનય ભંગને રોકી રહ્યો હતો, અને પ્રજાને તેમ કરતાં રોકવાની કોશિશ કરી રહ્યો હતો. હવે ખૂનખરાબીનું જોખમ વહોરીને પણ હું અંતિમ પગલું ભરવા તૈયાર થઇ ગયો છું. કેમકે હવે હું બીજી રીતે યુદ્ધને સારૂ પ્રજાની પાસે તૈયારી કરાવી શકું એવું મને ભાસતું નથી. બીજી તરફથી હું જોઉં છું કે સરકારી સંગઠિત હિંસા દિનપ્રતિદિન વધતી જાય છે, અને તે જ પ્રમાણમાં તે હિંસાનો હિંસક પ્રતિકાર કરતી ટોળી પણ જોર કરતી જાય છે. તેથી જો અહિંસામાં હિંસાને રોકવાની શક્તિ હોય અથવા મારામાં અહિંસા હોય તો આ બેવડી હિંસાને રોકનારો અહિંસક માર્ગ મને જડી આવવો જ જોઇએ. એ માર્ગ હમણાં હું લઇ રહ્યો છું તે છે એમ માનું છું. પણ એ ન હોય તો મારે કોઇક પણ રીતે હવે પ્રજાની પ્રગતિની આડે આવતાં ખસી જવું જોઇએ એ વિષે મને શંકા નથી. જો હું ખાદીકામથી જ સંતોષ માનીને બેસી રહું તો મારી અહિંસા લાજે એમ હું સ્પષ્ટ જોઇ શકું છું. અહિંસામાં ખાદીશક્તિ કરતાં કરોડોગણી વધારે શક્તિ છે એ વિષે મને શંકા નથી. સ્વરાજ્ય લેવાના અહિંસાત્મક માર્ગમાં ખાદી એ આવશ્યક અંગ છે એને વિષે મને શંકા નથી. ખાદી ન હોય તો સ્વરાજ્ય નથી એ વિષે પણ મને શંકા નથી. ખાદીએ જે

પ્રગતિ કરી છે તે પ્રગતિ ન થઇ હોત તો જે માર્ગ લેવા હું અત્યારે તૈયાર થઇ રહ્યો છું તે લેવા પૂરતો આત્મવિશ્વાસ મને કદી ન આવ્યો હોત એ વિષે પણ મને શંકા નથી. પણ ખાદી ઉત્પન્ન કરવા ઉપરાંત હવે કાર્ય થવું જોઇએ એ સ્પષ્ટ છે. ખાદીને વધુ વેગ મળવાને સારૂ પણ પ્રજામાં વધારે જાગૃતિની આવશ્યકતા છે. જાગૃતિ થતાં છતાં અહિંસા જળવાય તો આજે સ્વરાજ્ય છે એ નિઃસંદેહ છે. આ વિચારશ્રેણીને વશ થઇને હું ઝંપલાવું છું. વાંચનાર જાણે કે આ વિચારશ્રેણી માર્ગ સૂઝયા પછી પેદા થઈ છે. મારી એવી માન્યતા છે કે મનુષ્ય મોટાં કાર્યો અંતર્નાદને વશ થઈને જ કરે છે. પછી તે અંતર્નાદ દૈવી હો કે આસુરી. અંતર્નાદ સંભળાયા પછી તેને અનુકૂળ દલીલ મનુષ્યને મળી રહે છે એવો મારો મારે પોતાને વિષે અને ઘણાને વિષે થયેલો અનુભવ છે.

આ અંતર્નાદ ખોટો હોય એટલે આસુરી હોય તો મારે ખસી જવું જોઇએ એ દીવા જેવું સ્પષ્ટ છે. હું અંતર્નાદને દૈવી માનું છું તેથી મને સૂઝેલા માર્ગે ચાલીને મરી છૂટવું અથવા તેની સફળતા સિદ્ધ કરવી એ જ એક મારે સારૂ રસ્તો છે.

તેથી આ લડતને હું અંતિમ પરીક્ષા માનું છું. જેઓ તેમાં જોડાય તે એમ જ સમજીને દાખલ થાય.

આ લડતમાં અસંખ્ય માણસો જોડાય તો ને શાંતિ જળવાઇ રહે તો આપણે ન કલ્પી શકીએ એટલી ત્વરાથી પૂર્ણ સ્વરાજ્ય પામી શકીએ છીએ.

સત્યાગ્રહીની કૂચ

જે જે ગામમાં અમારી ટુકડી જાય તે તે ગામના મહાજન અને સેવકોને મારી વિનંતિ છે કે નીચેની સૂચના ધ્યાનમાં રાખે.

દરેક જગ્યાએ સંઘ સવારના આઠ વાગ્યા પહેલાં પહોંચવાની આશા છે ને દશથી સાડા દશ સુધીમાં ખાવા બેસવાની આશા છે. પહેલે દહાડે અસલાલી પહોંચતાં સાડા નવ વાગવાનો સંભવ છે. બપોરના કે રાત્રીના મકાનની આવશ્યકતા નથી, પણ છાયાવાળી સાફ જગ્યા મળે તો બસ છે. જ્યાં છાયો ન જ હોય ત્યાં વાંસ અને ઘાસનું છાપરું કરી લેવામાં આવે તો બસ છે. આ બન્નેનો પાછો પૂરો ઉપયોગ થઇ શકે.

ગ્રામવાસી ભોજન આપશે એમ માની લીધું છે.

ભોજનને સારુ સીધું મળે તો સંઘ હાથે પકાવી લેશે. પાકુંકાચું જે હશે તે સાદામાં સાદું હોવું જોઇએ. રોટલીરોટલા, અથવા ખીચડી શાક અને દૂધ અથવા દહીં ઉપરાંત બીજી વસ્તુની જરૂર નથી. મીઠાઇ કંઇ કરી હશે તોપણ તેનો ત્યાગ થશે. શાક માત્ર બાફેલું હોવું જોઇએ, તેમાં તેલ, મરીમસાલો, મરચાં લીલાં કે રાતાં, ભૂકો કે આખાં કંઇ જ નહિ ખપે. મારી સલાહ આ પ્રમાણે ભોજન તૈયારી કરવાની છે.

સવારે રવાના થતાં પહેલાં રાબ અને ઢેબરાં. રાબ હમેશાં સંઘને જ તૈયાર કરવા દેવી.

બપોરે ભાખરી, શાક અને દૂધ અથવા છાશ.

સાંજે કૂચ કરતા પહેલાં ચણામમરા.

રાતે ખીચડી અને શાક અને છાશ અથવા દૂધ.

ઘી જણદીઠ બધું મળીને ત્રણ તોલાથી ન જ વધવું જોઈએ: એક તોલો રાબમાં, એક ભાખરીમાં ઉપરથી આપવાનું ને એક રાતના ખીચડીમાં. મારે સારૂ સવારે, બપોરે અને સાંજે બકરીનું દૂધ મળી શકે તો તે અને સૂકી દ્રાક્ષ અથવા ખજૂર અને ખાટાં લીંબુ ત્રણ હોય તો બસ છે.

ઉપર પ્રમાણે સાદા ખોરાક ઉપરાંત મુદ્દલ ખાવાના કે બીજા ખર્ચમાં ગ્રામવાસીઓ નહિ પડે એવી મારી ઉમેદ છે.

દરેક ગામના ને આસપાસનાં ગામના માણસોને મળવાની હું આશા રાખીશ.

સૂવાને સારૂ જોઈતો સામાન દરેક જણાની પાસે હશે, એટલે સૂવાને સારૂ સાફ જગ્યા સિવાય બીજી કશી સગવડ ગ્રામવાસીએ કરવાપણું નહિ રહે.

પાનસોપારીના કે આવા ખર્ચમાં ગ્રામવાસીએ નથી પડવાનું.

દરેક ગામમાં સફાઇ પૂરી રાખવામાં આવે તો સારૂં. સત્યાગ્રહીઓને સારૂ પાયખાનાની જગ્યા પ્રથમથી મુકરર કરવામાં આવે તો સારૂં. નજીકમાં કંઇ આડ હોય તો સારૂં. ગ્રામવાસી ખાદીનો ઉપયોગ ન કરતા હોય તો હવે કરે એ ઇષ્ટ છે.

દરેક ગામને સારૂ નીચેની હકીકત તૈયાર રાખવામાં આવે એ ઇચ્છવાયોગ્ય છે.

૧ વસ્તીઃ સ્ત્રીપુરુષ—હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, પારસી ઇત્યાદિની સંખ્યા.

૨ ‘અસ્પૃશ્ય’ની સંખ્યા.

૩ નિશાળ હોય તો, તેમાં બાળકોબાળાઓ કેટલાં?

૪ રેંટિયાની સંખ્યા.

૫ ખાદીની પ્રતિમાસની ખપત.

૬ પૂર્ણ ખાદીધારીની સંખ્યા.

૭ મીઠું જણુદીઠ કેટલું ખપે છે? ઢોર ઇત્યાદિને સારૂ કેટલો ઉપયોગ થાય છે?

૮ ગામમાં ગાય ભેંસની સંખ્યા.

૯ વિઘોટી કેટલી ભરાય છે? વિઘોટીનો દર.

૧૦ ગૌચરભૂમિ છે? હોય તો કેટલી?

૧૧ મદ્યપાન થાય છે? દારૂનું પીઠું કેટલે દૂર છે?

૧૨ 'અસ્પૃશ્ય' ને સારૂ ભણુવાની ને બીજી ખાસ સગવડ હોય તો તે.

આટલી હકીકત એક સાફ કાગળમ લખીને હું પહોંચું કે તુરત મને મળે તો સારૂં.

*

[ઉપર જે ખોરાકની વિગત આપી છે તેમાં પાછળથી ફેરફાર કરવામાં આવ્યો છે. મોટા જથાઓને યુદ્ધક્ષેત્રમાં અનુકૂળ થઇ પડે એવો નીચેનો આહાર, જેમાં શરીરને ટકાવનારાં તત્ત્વો પૂરતા પ્રમાણમાં છે, લેવાની સૈનિકોને સૂચના થઈ છેઃ

૨॥ તોલા ગોળ

૨૦ તોલા શેકેલા ચણા (છોડાંવાળા)

૨૦ તોલા મમરા

૧ લીંબુ

૧ કાંદો

૨૦ તોલા દૂધ અથવા છાશ (મળી શકે ત્યાં)

૨ કેળાં (")

ચણા મમરા સારી રીતે ખવાય એ માટે વ્યવસ્થિત ભાણે બેસીને જ ખાવાનું રાખવું જોઇએ.

ગોળ ચણા સાથે ન ખાતાં તેનું પાણી કરી, ઉકાળી, તેમાં લીંબુ નીચોવી રોજ સવારે તે પીવું.]

ઉદ્બોધન*

એક બાહ્ય નિશાની

આજકાલ પ્રાર્થનામાં તમે ટોળેટોળાં આવો છો એ સારી વાત છે. હજી આથી ચારગણાં આવો એમ કહું. પણ એક શરત છે. જો તમે કેવળ કુતૂહલથી આવતા હો તો તમારામાંનો એક પણ જણ ન આવે એમ હું ઇચ્છું. જો ભજનમાં ભાગ લેવા આવ્યા હો તો સરસ છે. પણ તો આ પહેલાં કેમ નહોતા આવતા અને આજે એકાએક કેમ આવ્યા એ સવાલ થાય છે. પણ સંભવ છે કે તમે ભજનને માટે પણ આવતા હો અને લડતમાં રસ હોય તેથી પણ આવતા હો.

જો તમને પ્રાર્થના અને ભજન પસંદ હોય તો તે એક કાનેથી નાંખી બીજા કાનેથી કાઢી નાંખવા ન આવતા. પણ જો તમે આત્મશુદ્ધિ અને આત્મદર્શન માટે આવતા હો તો તો અવશ્ય આવજો. હું નથી માનતો કે કેવળ કાનેથી સાંભળનાર અને હોઠેથી ભગવાનનું નામ લેનાર માણસને ભગવાનનું નામ ફળતું હોય. પણ પોપટ અને આપણામાં ભેદ છે. જો તમે એટલું ન સમજો તો તમારો અહીં આવવાનો પરિશ્રમ નિરર્થક જશે અને અમને અમારી શાંતિમાં વિક્ષેપ થશે. અમે શહેરથી એટલે છેટે પડયા છીએ તે એટલા જ હેતુથી કે અમને બાહ્ય શાંતિ મળે, અને ભરતખંડની સેવા કરવાની યોગ્યતા મળે.

એટલે જો તમે ખરેખર પ્રાર્થનામાં રસ લઈને આવતા હો તો તેના ખરાપણાની એક બાહ્ય નિશાની છે તે તમારા ઉપર

* કૂચના બે દિવસ અગાઉ પ્રાર્થના સમયે આપેલું પ્રવચન.

દેખાવી જોઇએ. તમે બધાં વિલાયતી કપડાં કાઢી નાંખો અને બાળો. એટલી શરત તો હું અવશ્ય તમારી પાસે માગું. ખાદીને વિષે ઘણા ગુણોનું આરોપણ થાય છે. તે બધું તમે માનો કે ન માનો, પણ એક વસ્તુ તો બધા સ્વીકારે છે કે ખાદી પહેરીને આપણે હિંદુસ્તાનના ગરીબમાં ગરીબ સાથે સંબંધ બાંધીએ છીએ. અને ખાદી પહેરીને આપણે સદા સ્મરણ કરીએ છીએ કે એ પહેરીને હિંદુસ્તાનના ગરીબમાં ગરીબ સૂતર કાંતનારને આપણે થોડી મદદ કરીએ છીએ.

પણ બીજું કારણ તો એ છે કે અમદાવાદનું ભૂષણ વીર સરદાર વલ્લભભાઇ જેલમાં બિરાજે છે તેમને માટે તમે એટલું પણ ન કરો? હું મારા તરફથી તમને એટલું કહું કે ખાદીએ જે પ્રગતિ કરી છે તે પ્રગતિ ન કરી હોત તો આજે આપણે જે આ લડત ઉપાડી છે તે ન ઉપાડી શકત. એ પ્રગતિથી જ મને આશા બંધાઇ કે હિંદુસ્તાનમાં શાંતિનો સંદેશો પહોંચ્યો છે. કારણ ખાદી જેને ગમે છે તેને શાંતિ પ્રિય હોવી જોઇએ. જે શાંતિમાં ન માનતો હોય, જેને અહિંસા વિષે વિશ્વાસ ન હોય તે માણસ કાં તો બાહ્ય મર્યાદા જાળવવા ખાતર, કાં તો લોકોને છેતરવા ખાતર, કાં તો ખાદીને વટાવવા ખાતર પહેરતો હશે.

સરકાર મૂંઝાઈ પડી છે

હવે તમે જે બીજી વસ્તુ માટે આવો છો તેને વિષે થોડું કહું. પરમ દિવસે પોણોસો માણસ લઇને હું કૂચ કરવાનો છું. સૌ એમ ગોખી રહ્યા છે કે એક દારુણ યુદ્ધ થવાનું છે; અને દુનિયાના માણસો એનું અવલોકન કરી રહ્યા છે.

તમે જોશો કે તમે સૌ અહીં નિર્ભયપણે આવી શકો છો. પણ ગોળીના બાર ચાલતા હોય ત્યારે તેની સામે તમે ઊભા રહી શકો એમ હું નથી માનતો. હવે ધારો કે સત્યાગ્રહના યુદ્ધને

બદલે મેં જાહેર કર્યું હોત કે હું ૧૨ મી તારીખે ગોળીબાર ચલાવવાનો છું, અથવા લાઠી ચલાવવાનો છું; અથવા ગોળીઓ અને લાઠીઓની વાત જવા દો, કાંકરા ચલાવવાનો છું, કે જેને મળું તેને તમાચા મારવાનો છું, તો શું સરકારે મને અત્યાર સુધી છૂટો મૂકયો હોત કે? દુનિયાના ઇતિહાસમાં તમે એવો એક પણ દાખલો ન બતાવી શકો કે જ્યાં બાદશાહતને ગોળે ઉડાડવાની નોટિસ આપનાર માણસને બાદશાહ અથવા પ્રજાતંત્ર સહન કરે,—પછી તે અમેરિકા હોય કે રશિયા હોય? જ્યારે આજે અહીં તો સરકાર મૂંઝાઇ પડી છે.

આજે તો હું મીઠાનો કાયદો તોડવાની વાત કરૂં છું. પણ હું કાલે જાહેર કરૂં કે અમે સાબરમતીમાં ડૂબી મરવાના છીએ તો સરકાર શું કરે, તમે શું કરો? સરકાર કદાચ અમને ડૂબી મરતા અટકાવવા આશ્રમને ઘેરો ઘાલે, અને તમે અમને વીનવવા આવો. પણ એમ તટસ્થ રહીને જોવા માટે તમે આજે આવ્યા નથી. આ વસ્તુ તમને ભાવે છે. કાનૂનભંગ અને જેલથી મેં તમને એટલા પરિચિત કરી મૂકયા છે કે તમને એને વિષે રસ છૂટે છે. ત્યારે હું તમને કહું છું કે એક પગલું આગળ ચાલો. હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંમાંથી દસદસ માણસ પણ જો મીઠું પકવવા નીકળી પડે તો આ રાજ શું કરી શકે? હજી કોઇ બાદશાહ એવો નથી જન્મ્યો કે જેણે વગર કારણે કોઇને તોપગોળે ચડાવ્યા હોય. એમ શાંતિથી કાનૂનભંગ કરીને આપણે સહેજે સરકારને કાયરકાયર કરી મૂકી શકીએ એમ છે. તમે બધા આ લડતનું રહસ્ય સમજો એટલા માટે આ કહું છું. જો તમને એમાં રસ ન હોય તો બહેતર છે કે મારો અને તમારો વખત ન બગાડો.

સૈનિકો આપો

સંભવ છે કે તમે કેવળ આશીર્વાદ દેવા આવતા હો. જે આશીર્વાદ દેવા આવે છે તે સહાય પણ કરે છે. હું તમારી પાસે

કોડી નથી માગતો. હું આશા રાખું છું કે આ લડત ઓછામાં ઓછે પૈસે લડાશે. ખેડા સત્યાગ્રહ વખતે પૈસા આપવાની અનેક માગણીઓનો મારે ઈનકાર કરવો પડયો હતો. બારડોલી સત્યાગ્રહમાં જે પૈસા આવેલા તેમાંના ઘણા બચ્યા છે અને રચનાત્મક કાર્ય માટે વપરાય છે. એમ પૈસા તો જ્યારે જોઇએ ત્યારે મળી રહેશે; એ મારી કે વલ્લભભાઈની બલિહારી નથી, સત્ય અને અહિંસાની બલિહારી છે. જ્યારે અવસર આવશે ત્યારે તમે પૈસા આપોઆપ આપશો. પણ આજે તો હું ઇચ્છું છું કે તમે હિંમત કેળવો અને આ લડતને માટે જેટલા અપાય તેટલા સ્વયંસેવક આપો. શરત માત્ર એક જ છે કે તમે સૌ શાંતિથી સ્વરાજ લેવામાં માનતા હો. હું જે ટુકડી લઇ જાઉં છું તે ટુકડીમાં તો અહિંસાનો ધર્મ માનનારા જ હશે. પણ તમે તો અહિંસાને ઉત્તમ વ્યવહાર માનતા હોય તોપણ એમાં જોડાઇ શકો છો. સરદાર વલ્લભભાઈ આજે જેલમાં બિરાજે છે, હું અને મારી ટુકડી પણ કદાચ કાલે ઊડી જઇશું, તો સૈનિકોની ધારા અખંડ ચાલુ રાખવાની તમારી તાકાત હોવી જોઇએ. ઇશ્વર એ અવસરને પહોંચી વળવાની તમને શકિત આપો.

વસિયતનામું*

મારા પકડાયા પછી શું કરશો ?

એવું સાવ સંભવિત છે કે આજે તમારી પાસે આ મારું છેલ્લું વ્યાખ્યાન હોય. સવારના જો સરકાર મને કૂચ કરવા દેશે તો પણ આ સાબરમતીને પવિત્ર કાંઠે તો આ છેલ્લું જ ભાષણ હશે. અથવા મારી જિંદગીનું પણ આ છેલ્લું ભાષણ હોય.

મારે જે કહેવાનું હતું એ ગઈ કાલે તમને સમજાવી ગયો. આજે ભવિષ્યમાં તમારે શું કરવું ઘટે છે તે હું તમને કહીશ. એમ ધારી લો કે આવતી કાલે સવારે સરકારે મને પકડી લીધો હોય અને મારા સાથીઓને પકડી લીધા હોય, તોપણ જલાલપુર લગીનો જે કૂચનો ક્રમ છે તે ચાલવો જ જોઇએ, અને એ માટે જે ભરતી થવી જોઈએ એ ગુજરાતમાંથી જ થશે. છેલ્લા પંદરવીસ દિવસ થયાં હું જોઉં છું અને સાંભળું છું તેથી મને ખાતરી છે કે ભરતીમાં માણસોની અખંડ ધારા ચાલ્યા જ કરશે.

પણ અમે બધા પકડાઇ જઇએ તોપણ અશાંતિ મુદલ ન જ થાય. આપણી તમામ શક્તિનો શાંતિને માર્ગે જ ઉપયોગ કરવાનો છે. કોઈ પણ માણસ ગુસ્સામાં આવી ન કરવાનું ન કરે એવી મારી વિનંતિ છે અને આશા છે. આ મારા શબ્દો આખા હિંદુસ્તાનમાં પહોંચી જાઓ. જો આ ટુકડી ખપી જાય, અને હું પણ ખપી જાઉં તો મારું કાર્ય તો પૂરું થયું. ત્યારપછી મહાસભાની વર્કિંગ કમિટી જે પ્રમાણે દોરે તે પ્રમાણે તમારે દોરાવાનું છે. જે ઠરાવ વર્કિંગ કમિટીએ કરેલો છે તેનો આ અર્થ છે. મારા સાથીઓ જેઓ અહિંસાને ધર્મ તરીકે

---

* કૂચની આગલી સાંજે આશ્રમની પ્રાર્થનામાં આપેલું વ્યાખ્યાન.

માનતા હોય તેમના હાથમાં એ લગામ આ પછી પણ હશે. પણ આપણે માની લેવું જોઇએ કે મહાસભાને જે કાર્યક્રમ ગોઠવવો હોય તે ગોઠવી શકે છે. જ્યાં સુધી હું જલાલપુર ન પહોંચ્યો હોઉં ત્યાં સુધી મહાસભા તરફથી જે વસ્તુની મેં માગણી કરી છે તેથી વિરુદ્ધ કશું ન થાય, પણ સરકાર મને ઉઠાવી લે તો સામાન્ય રીતે પૂરી જવાબદારી મહાસભા ઉપર આવે છે. તેથી જે માણસ અહિંસાને વ્યવહાર નહિ પણ ધર્મ તરીકે માનતો હશે તે બેસી નહિ જશે પણ મારી સાથેનો મહાસભાનો સંકેત તૂટી પડે છે. એટલે પછી નામો નોંધાવવામાં શિથિલતા ન રહેવી જોઇએ. જે જે ઠેકાણે મીઠાના કાયદાનો ભંગ કરી શકાય તેને ઠેકાણે એ શરૂ થઇ જવો જ જોઇએ. આ ભંગ કરવાના ત્રણ રસ્તા છે: જ્યાં મીઠું સહેજે પકાવી શકાય ત્યાં પકવવું એ ગુનો છે; એ જેઓ લઇ જશે અને વેચશે તે ગુનો કરશે; અને જકાત વિનાનું મીઠું વેચાતું લેનાર પણ ગુનો કરશે. મીઠાનો કાયદો તોડવાનો આ સહેલામાં સહેલો રસ્તો છે. જલાલપુર તાલુકામાં દરિયાકિનારે ઘણું કુદરતી મીઠું પડેલું છે. એ ઉપાડવું એ ગુનો છે. એની ફેરી કરવી એ ગુનો છે. એટલે આને અંગે જે જે કરવા ઇચ્છીએ એ કરી શકીએ છીએ.

તમે તમારા જ નેતા બનો

પણ આ એક જ કામ કરીને બેસી રહેવાનું કામ નથી. પણ જ્યાં સ્થાનિક કાર્યકર્તા હોય, મહાસભાની બંધી ન હોય, કાર્યકર્તામાં આત્મવિશ્વાસ હોય, ત્યાં જેમને જે યુક્તિ સૂઝે તે ઉપયોગમાં લઇ શકે છે. મારી એક જ શરત છે. શાંતિ અને સત્યને માર્ગે સ્વરાજ મેળવવાની પ્રતિજ્ઞા કરેલી છે તેનું પાલન કરીને જેને જે કરવું હોય તે કરવાની છૂટ છે. પણ એનો અર્થ એવો નથી કે દરેક માણસ પોતાની જવાબદારી ઉપર ગમે તે કરવા મંડી જશે. જ્યાં નેતા હોય ત્યાં નેતા જેટલું કહે તેટલું લોકો કરે, પણ જ્યાં નેતા જ ન હોય અને માત્ર ખોબા જેટલા માણસોને આ કાર્યક્રમમાં વિશ્વાસ હોય તો તેવા પાંચસાત પણ આત્મવિશ્વાસથી જે કરવું હોય તે કરવાને તેમનો અધિકાર છે;

અધિકાર જ નહિ ધર્મ છે. આ જગતના ઇતિહાસમાં જ્યાં જ્યાં પ્રજાને દોરનારા માણસો આગળ આવ્યા હતા ત્યાં ત્યાં તેઓ આવા આત્મવિશ્વાસ, દૃઢતા અને વીરતાવાળા હતા. અને આપણામાં સ્વરાજ લેવાની ઉગ્ર ઇચ્છા હોય તો એટલો આત્મવિશ્વાસ આપણામાં હોવો જોઇએ કે સરકાર જેમજેમ આપણા માણસોને પકડતી જાય તેમતેમ આપણી નીડરતા વધતી જશે અને માણસો મળતા જ જશે.

મને લઈ જાય એટલે કોઈ એમ ન માને કે હવે કોઈ દોરનારો રહ્યો નથી. દોરનારો હું નથી. એ તો જવાહરલાલ છે. એમનામાં દોરવાની શક્તિ છે. પણ ખરી વાત તો એ છે કે હવે દોરવાપણું કશું રહ્યું નથી. જ્યાં નિર્ભયતાનો મંત્ર મળ્યો છે, જ્યાં મરવાનો મંત્ર મળ્યો છે, ત્યાં કોણ કોને દોરશે? પણ જો આપણામાં નીડરતા નહિ હશે, હિંમત નહિ હશે તો તે આપણને જવાહરલાલ પણ આપી શકવાના નથી.

સર્વ રીતે સરકારનો સહકાર છોડો

બીજાં અનેક કામો રહેલાં છે જ. દારૂનાં પીઠાંની ચોકી વિદેશી કાપડની ચોકી કરી શકીએ. મહેસૂલ આપવાનું બંધ કરવાની શક્તિ હોય તો તે બંધ કરીએ. વકીલ હોઇએ તો વકીલાત છોડીએ. અસીલ હોઇએ તો અદાલત છોડીએ. સરકારી નોકર હોઇએ તો સરકારી નોકરી છોડીએ. આજે તો એટલી નિરાશા ચોમેર ફેલાઇ રહી છે કે નોકરી જાય તો અંધારી છૂટે છે. એવી નિરાશા રાખનારા કોઈ પણ સ્વરાજને લાયક નથી. પણ એ નિરાશા શાને? સરકારી નોકરો બહુબહુ તો દેશમાં પાંચસાત લાખ હશે. તો એ સિવાયના બીજા ક્યાં જાય? સ્વતંત્રતાના જમાનામાં પણ એથી વધારે સરકારી નોકરો નહિ હશે: કારણ આજે કલેક્ટરની પાસે જેટલા ગુમાસ્તા છે તેટલા ગુમાસ્તાની સ્વરાજના કલેક્ટરને જરૂર ન રહેશે. કલેક્ટર પોતે જ ગુમાસ્તો બનશે. આ ભિખારી દેશમાં કલેક્ટરને એક માણસ કાગળો ઉપાડવાને, બીજો માણસ ઝાડુ કાઢવાને, ત્રીજો માણસ પાયખાનાં સાફ કરવાને, ચોથો માણસ રાંધવાને અને પાંચમો માણસ કાગળો લાવવા લઇ જવાને

હોય એ કેમ પોષાય ? એવા લખલૂટ ખરચ આપણો કંગાળ દેશ ન જ સહન કરી શકે. એટલે આપણામાં સમજ આવી હોય તો આપણે સરકારી નોકરી છોડીએ પછી જજ હોઇએ કે જજના પટાવાળા હોઇએ. પણ જજને એ વસ્તુ વસમી લાગે. પટાવાળાને શા સારૂ લાગે ? પટાવાળાને તો ગમે ત્યાં મજૂરી કરે એટલા પૈસા મળી રહેશે. સ્વતંત્રતાના કોયડાની જાડામાં જાડી આ સમજ છે. જે જે અને જેટલી રીતે સરકારનો સહકાર કરતા હોઇએ—મહેસૂલ આપીને, ખિતાબ ધારણ કરીને, અદાલતમાં જઇને, નોકરી કરીને, શાળાવિદ્યાલયોમાં બાળકો મોકલીને. તેમાંથી બધાં અથવા થાય તેટલાંનો ત્યાગ કરીને માણસ અસહકાર કરી શકે છે જેને જે સાધન ઘટાવવાં હોય તે ઘટાવી લે: અને આ બાબતમાં સ્ત્રીઓ પુરુષોના જેટલો જ ભાગ લઇ શકે.

આ યુદ્ધ બંધ ન થાય

આને સૌ મારૂં વસિયતનામું ભલે સમજે. કૂચ કરતાં પહેલાં કે જેલ જતાં પહેલાં આટલો જ સંદેશો આપવાનો છે. જે યુદ્ધનો આરંભ આવતી કાલથી અથવા હું એકાદ કલાકમાં પકડાવાનો હોઉં તો ત્યારથી થવાનો છે, તે યુદ્ધ સ્વરાજ મળતાં સુધી કદી બંધ ન થાય. અમારી ટુકડી પકડાય તો દસ ટુકડી તૈયાર છે એવું સાંભળવાને હું આતુર રહીશ. અત્યારે હિંદુસ્તાનમાં મારૂં આદરેલું કામ પાર ઉતારનારા પડયા છે. હું માનનારો છું કે આપણો કેસ સાચો છે. આપણાં સાધન શુદ્ધમાં શુદ્ધ છે. અને જ્યાં શુદ્ધ સાધન છે ત્યાં પરમેશ્વર છે. એમ ત્રણ વસ્તુનો જ્યાં મેળાપ થાય છે ત્યાં હારવા જેવી વસ્તુ હોય જ નહિ. સત્યાગ્રહી જેલની બહાર હોય કે જેલની અંદર હોય, તે સદા યે જીતેલો જ છે. જો તે સત્ય છોડે, શાંતિ છોડે, અંતર્નાદને ન સાંભળે તો તે હારે. એટલે જો સત્યાગ્રહીને હારજીત હોય તો તેનો કર્તા સત્યાગ્રહી પોતે છે. ઇશ્વર તમારૂં કલ્યાણ કરે અને કાલે પ્રાતઃકાળે આરંભ થનારા યુદ્ધમાં વિઘ્ન ન આવો એવી મારી અને તમારી પ્રાર્થના હો.

પ્રયાણ આરંભતાં પહેલાં

આશ્રમમાં હમણાં માણસોની ભીડનો પાર નહોતો એ સૌ કોઇ જાણે છે. પ્રાર્થનાભૂમિ ઉપર પણ છાપાંના ખબરપત્રીઓ આવવા લાગ્યા હતા અને ગાંધીજીના 'વ્યૂહ' જાણવા માટે લોકોનાં ટોળેટોળાં ઊલટ્યાં હતાં. પણ ગાંધીજી પોતાના 'વ્યૂહ' કેવી રીતે પ્રગટ કરતા તે તો 'કસોટી અને તૈયારી'નો લેખ વાંચનારા સારી પેઠે જાણે છે. હવે આ લેખમાં ગાંધીજીની પાસે પહોંચી જેમને વાતો કરવાની તક મળતી તેમની અનેક વાતોનો પ્રશ્નોત્તરીરૂપે સાર આપવા ઇચ્છું છું.

શબ્દોથી હું મોહાતો નથી

પ્ર૦ આપ કઈ જાતનું રાજતંત્ર માગો છો?

ઉ૦ જે તન્ત્ર પ્રજાની ઇચ્છાને વશ વર્તે અને તેનો અમલ કરે તે.

પ્ર૦ આપને પ્રજાકીય તંત્ર જોઇએ ના?

ઉ૦ એનું નામ હું નહિ પાડું. કારણ નામોનો મને મોહ નથી, અને તંત્રના રૂપ કે આકાર વિષે મને પડી નથી.

પ્ર૦ પણ એની નીતિરીતિ વિષે તો હશે ને?

ઉ૦ એ વિષે તો અવશ્ય. મને નથી પડી તે તો એ તંત્રના આકાર વિષે.

પ્ર૦ ત્યારે તો રાજાસત્તાક વિષે આપને વાંધો નહિ હોય?

ઉ૦ મેં કહી જ દીધું છે કે મારો નામની સાથે ઝગડો નથી.

પ્ર૦ ત્યારે આપનું પ્રજાકીય તંત્ર કેવા પ્રકારનું હશે ?

ઉ૦ મને તેની ખબર નથી: મને તો એની નીતિમાં જ રસ છે. અને નીતિ એટલે પ્રજાની ઇચ્છાને પહોંચી વળવાનો સાધનમાર્ગ. એ સાધન બે જ હોઈ શકે: એક દગો, છળકપટ અને હિંસા; બીજું અહિંસા અને સત્ય. દગામાં હિંસા આવી જ જાય છે. અહિંસામાં એને સ્થાન નથી.

પ્ર૦ ત્યારે અહિંસા સાથે દગોફટકો ન હોય ?

ઉ૦ ના; નહિ જ હોય. દગોફટકો એ જ એક જાતની હિંસા છે.

પ્ર૦ પણ મેં તો અહિંસા સાથે દગોફટકો ભાળ્યો છે. ચીન દુનિયાના એક શાંતમાં શાંત દેશ હોવાની ખ્યાતિ પામ્યું છે. એના દગાફટકાની વાતો કરવા બેસું તો આપને કંપારી છૂટે.

ઉ૦ ફરી કહી દઉં કે શબ્દો મને આંજતા નથી. પ્રજા તરીકે ચીનાઓ જગતમાં શાંતમાં શાંત પ્રજા છે. પણ તેમનામાં દગોફટકો હોય જ તો તે શાંતિ સાચી નહિ હોય, સ્વેચ્છાપૂર્વકની નહિ હોય. મારા કાર્યમાં દ્વેષ ન દેખાતો હોય છતાં દિલમાં તે ભરેલો હોય, તો હિંસક તો કહેવાઉં જ. હું જે અહિંસા અને શાંતિની વાત કરું છું તે તો હૃદયબળની પ્રસાદી છે. એ શાંતિ, એ અહિંસા મારામાં હોય તો વેરઝેર હોય જ નહિ. હિંસા માત્ર કાયિક જ હોય એમ નથી. હું તો દરેકના હૃદયમાં ઘૂંટડો ઉતારવા માગું છું કે કાયિક, વાચિક કે માનસિક હિંસાથી મારે હિંદને માટે સ્વરાજ નથી મેળવવું. એ શકય છે કે અશકય છે એ નોખો સવાલ થયો. અત્યારે મારે માટે આટલું બસ થશે: જે માણસ વ્યૂહ ઘડી કાઢે અને પ્રજાને દોરે તે અણિશુદ્ધ હોવો જોઇએ, તેનામાં અહિંસા અને સત્ય હોવાં જોઇએ. અહિંસા આપોઆપ કામ કરે છે, કૃત્રિમ રીતે પરપ્રેરણાથી કામ નથી કરતી. આથી જ અહિંસાની સારી યોજના પાર ઉતારવા મેં મહાસભાની કાર્યવાહક સમિતિ પાસેથી અબાધિત સત્તા માગી લીધી.

વિદેશી માલનો બહિષ્કાર વિ૦ સવિનય ભંગ

પ્ર૦ ગાંધીજી! આપને નથી લાગતું કે પરદેશી માલનો બહિષ્કાર એ સવિનય કાનૂનભંગ કરતાં વધારે અસરકારક થાત?

ઉ૦ અનેક વર્ષો ઉપર પરદેશી માલના બહિષ્કારની ઠાલી બૂમ મેં સાંભળી હતી. અને મેં એને બદલે વિદેશી વસ્ત્રબહિષ્કાર મૂકયો. એની કાંઇક અસર થઇ, પણ તમામ વિદેશી માલના બહિષ્કારની તો કશી જ અસર નથી પડી.

પ્ર૦ મને લાગે છે કે બંગાળમાં બ્રિટિશ માલનો બહિષ્કાર ઠીક સફળ થયો હતો, પણ બીજા પ્રાંતોએ એને ઉપાડી ન લીધો.

ઉ૦ ના, એ તૂટી પડયો; અમદાવાદ અને મુંબાઇની મિલોએ ભળતું જ કાપડ મોકલી દેશને દગો દીધો, અને જો શુદ્ધ મિલનું કાપડ મોકલ્યું તો તેના દમ બાંધીને ભાવ લીધા.

પ્ર૦ મારૂં કહેવું પણ એમ જ છે. આ વસ્તુને પૂરી ગંભીરતાથી અજમાવવામાં આવી નહોતી.

ઉ૦ એમ જ હોય તો તો લોકો એનો અખતરો કરી જોવા તૈયાર ન હતા એમ થયું. મારી વાત પૂછો તો તો મને એ વસ્તુમાં વિશ્વાસ જ નહોતો, એટલે હું એને શી રીતે ટેકો આપી શકું?

પ્ર૦ પણ સવિનય કાનૂનભંગ કરતાં વિદેશી વસ્ત્રબહિષ્કાર કરવો વધારે સહેલો નથી?

ઉ૦ ના, વધારે મુશ્કેલ છે. વિદેશી વસ્ત્રબહિષ્કારમાં ૩૦ કરોડ પ્રજાનો સહકાર જોઇએ, જ્યારે સવિનય કાનૂનભંગ તો દશ હજાર તેજ સ્ત્રીપુરુષો નીકળી આવે તો બેડો પાર થાય.

પ્ર૦ એ કેવી રીતે? એ બધાંને જેલમાં પૂરવામાં આવશે એટલે થઇ રહ્યું.

ઉ૦ એ બાજી ખેલી જુએ તો ખરા. આ લોકોની અપેક્ષા કરતાં પહેલાં સરકારે એમને ફાંસીએ લટકાવવા પડશે. આ માણસો સાચા અને ટેકવાળા હશે તો ઠેઠ સુધી સરકારને પજવ્યા જ કરશે.

પ્ર૦ જેલમાં પણ ?

ઉ૦ વાત તો એ છે કે સરકાર એમને લાંબો વખત જેલમાં નહિ રાખી શકે. સાચું કહીએ તો ૧૯૨૧માં આપણી પાસે ૫,૦૦૦ પણ શુદ્ધ સત્યાગ્રહીઓ નહોતા. રાજદ્વારી કેદીમાત્ર સવિનય કાનૂનભંગી હોય જ એમ નથી.

ખુનામરકીનું જોખમ

પ્ર૦ આપની ચળવળને પરિણામે ખુનામરકી ન થાય ?

ઉ૦ થાય; બાકી, મારો પ્રયત્ન તો હિંસાને રોકવાનો જ છે. અત્યારે હું કલ્પી રહ્યો છું તેવી અહિંસાત્મક હિલચાલ ન હોય તો દેશનો આ તંત્રના સામેનો વિરોધ ખુનામરકીમાં જ પરિણમે. મારી લડત એ વિરોધને સાચે માર્ગે વાળવાની છે.

પ્ર૦ હા, મેં સાંભળ્યું છે ખરું કે આપ હિંસાને રોકવાને માટે જ આ લડત માંડી રહ્યા છે.

ઉ૦ એ તો એક કારણ થયું પણ એ જ એક કારણે મેં આ લડતનો આરંભ નથી કર્યો. મારી પાસે તો આથી પણ વધારે સબળ કારણ છે, અને તે એ કે અહિંસાએ જો પોતાનું પોતાપણું સાબિત કરવું જ હોય તો તે આજે જ કરી શકે એમ છે. કેટલેક ઠેકાણે અહિંસાને નિષ્ક્રિય અને નામર્દોના સાધન તરીકે ઓળખવામાં આવે છે તે ખ્યાલને ખોટો પાડવો જ રહ્યો. અને અત્યંત અસરકારક રીતે એનો અમલ થાય ત્યારે તો બહારનાં ઘાતક વિઘ્નો છતાં એ એનું કામ કર્યે જશે. અહિંસાનો સ્વભાવ જ એવો છે કે આ બધા બાહ્ય અંતરાયો તેની આગળ પીગળી જશે. બીજી બાજુ જોશું તો દગો અને રાગદ્વેષ જેવા આંતરિક અંતરાયો આ હિલચાલને ઘાતક નીવડશે. અત્યાર સુધી હું કહેતો હતો: 'હિંસાનાં બળો ઉપર મને કાબુ મેળવવા દો.' હવે મને લાગે છે કે અહિંસાને પૂરી રીતે અમલમાં મૂકીને જ આ હિંસાનાં બળો ઉપર હું કાબુ મેળવી શકીશ જ.

પણ લોકો મને કહે છે: 'ઇતિહાસનું હિંદમાં યે પુનરાવર્તન થશે.' એ થવાનું જ હોય તો ભલે થતું. આથી કાંઇ મારે મારી લડત પડતી મૂકવી ન જ જોઇએ. જો તેમ કરૂં તો હું કાયરતાના દોષને પાત્ર થાઉં. હિંસા ઉપર રચાયેલી આ સરકાર સાથે જીવસાટે લડવું જ જોઇએ. એમ કરીને જે અરાજક ગુપ્ત ખુનામરકી ચાલી રહી છે તે ઉપર કાબુ મેળવી શકીશ. સાચી અને આપોઆપ કામ કરતી અહિંસાનો જ્યારે પ્રયોગ થશે ત્યારે જનતા અવશ્ય પોતાનો પુરુષાર્થ બતાવશે.

ચમત્કાર

પ્ર૦ પણ આપ ગિરફ્તાર થશો એટલે લડત આપના હાથમાં નહિ હશે તે ?

ઉ૦ દક્ષિણ આફ્રિકામાં લડતના પાછલા ભાગમાં ખૂબ ચેતન આવ્યું હતું તે કાંઇ મારે લીધે નહોતું આવ્યું. લડત મારા હાથમાં ત્યારે નહોતી જ. હજારોએ અંતરની ઊર્મિથી લડતમાં ઝુકાવ્યું. મે તો એમનાં મોં સરખાં જોયાં નહોતાં. એમને ઓળખતો તો હું કયાંથી જ હોઉં ? તેમને લાગ્યું કે જોડાવું જ પડશે, અને તેઓ જોડાયા. કદાચ તેમણે મારૂં નામ સાંભળ્યું હશે. આંખના પલકારામાં તેમને દસી ગયું કે એ લડત તેમના છૂટકારા માટેની હતી. તેમને એટલી ખાતરી થઈ હતી કે આ એક માણસ ત્રણ પાઉંડના કર માટે ઝૂઝી મરવા તૈયાર હતો. અને તેમણે ઝંપલાવ્યું. તેમની સામે કેવી કેવી મુશ્કેલીઓ હતી ? તેમની ખાણોનાં કેદખાનાં બન્યાં. રાતદિવસ એમના ઉપર જુલમ ગુજારી રહેલાઓ એમના દરોગા થયા. તેઓ જાણતા હતા કે તેમના ઉપર રૌરવ નરકના જુલમ ઊતરશે. છતાં તેઓ ડર્યા નહિ, ખંચકાયા નહિ. એ તો એક ચમત્કાર હતો.

આખરી ફેંસલો

પ્ર૦ પણ આ લડતથી દેશમાં વધારે તડાં નહિ પડે ?

ઉ૦ મને એવો ભો નથી. જેમ હિંસાનાં બળો કાબૂ તળે લાવી શકાશે તેમ કુસંપનાં બળો વિષે પણ છે. પણ ભય તો બીજો છે: હિંસાવાળો પક્ષ મારી વિનંતિઓને ન માને, અને જનતા આંધળિયાં કરે. હું આશાવાદી છું, મનુષ્ય સ્વભાવમાં મારી અતૂટ શ્રદ્ધા છે. બનવાજોગ છે કે આ શેખસહીના વિચારો હોય. પણ કોઇ પણ સરદાર આવનારી બધી આફતોની ગણતરી કરી શકતો નથી. મારે માટે તો આ આખરી ફેંસલો છે. લડત કાંઇ મારે માગ્યે નથી આવી. હું તો મારી ઘણી નામરજી છતાં કલકત્તા ખેંચાયો હતો. મારે વળી સમાચારનીમાં પડતું પડયું. કાંઇ નૈતિક સિદ્ધાન્તનો વાંધો નહોતો એટલે વળી મારે બે વર્ષને બદલે એક વર્ષ કરવું પડયું. લાહોરમાં લગભગ દરેક ઠરાવ મારે વિચારવો પડયો અને ઘડવો પડયો. ત્યાં હિંસા અને અહિંસાની બાજી ચાલી રહી હતી, અને છેવટે મને લાગ્યું કે અહિંસાનો હિંસા ઉપર વિજય થયો.

આ મુહૂર્ત કહેવાય?

પ્ર૦ આપે પહેલાં કહ્યું હતું કે સવિનય ભંગ માટે મુહૂર્ત નથી હજી. આજે એવું તે શું થયું છે કે આપે આપનો વિચાર ફેરવ્યો છે?

ઉ૦ મને ખાતરી છે કે મુહૂર્ત આવી ચૂકયું છે. કારણ કહું? બહારનું તો ખાસ કંઇ નથી બન્યું, પણ મારા મનમાં જે ગડમથલ ચાલી રહી હતી અને જે મને અત્યાર સુધી રોકતી હતી તે હવે શમી ગઇ છે. મને હવે પાકી ખાતરી છે કે લડતનો સમય બરોબર આવ્યો છે; અરે, કયારનો થઇ ગયો છે.

પ્ર૦ ત્યારે એ અંતરની ગડમથલ શી હતી?

ઉ૦ તમે જાણો છો કે હું અહિંસાને દષ્ટિમાં રાખીને જ બધી પેરવી કરતો હતો. પણ વધતી જતી હિંસાની સામે મારે એ વિચારને વર્તનમાં કેવી રીતે મૂકવો એ મને સૂઝતું નહોતું. હવે મને દીવા જેવું સાફ દેખાય છે કે આજે મેં લીધેલા માર્ગથી હું ખુનામરકીનું જોખમ હળવું કરું છું.

પ્ર૦ આપને ખાતરી છે કે મીઠાની લડત આપને જેલ અપાવશે?

ઉ૦ એ વિષે મને કશી શંકા નથી. એ કેટલો વખત લેશે એ હું ન કહી શકું. પણ લોકો ધારતા હશે તેથી વહેલું એ આવશે. મને લાગે છે કે કટોકટીનો મામલો આવી પહોંચશે, અને પરિણામે યોગ્ય પરિષદ ભરાશે. એ પરિષદ ગોળમેજી ન હોય, પણ ચતુષ્કોણ મેજી હશે; તેમાં હાજર રહેનાર દરેક સભ્યને પોતે કયાં છે તેનું સંપૂર્ણ ભાન હશે. પરિષદની ચોકસ રેખા શી હશે તે હું અત્યારે કહી શકતો નથી. પણ એ પરિષદ સમોવડિયાઓની હશે, અને તેમાં તેઓ હિંદમાં સ્વાતંત્ર્ય બંધારણ સ્થાપવા માટેનાં સાધનો શોધવા એકસાથે વિચાર કરશે.

વાઇસરૉયની મુલાકાત વિષે

પ્ર૦ વાઇસરૉય સાથેની વિષ્ટિનો એકાએક અંત આણવા માટે આપ જવાબદાર નથી ?

ઉ૦ મને ખબર છે કે લોકોના અમુક ભાગમાં આવી માન્યતા છે. લોકોએ થોડોક વખત મને ઠપકો આપ્યો. પણ હવે તેઓ સાચી વાત શી હતી તે જાણી ગયા છે.

પ્ર૦ આપને પૂરી ખાતરી છે કે આપે એ પગલું લીધું ત્યારે આપ જુવાનિયાઓના વિચારથી દોરવાયા નહોતા ?

ઉ૦ ના; જરાય નહિ. ગોળમેજી પરિષદ વિષે મેં કંઈ લાંબી આશા રાખી જ નહોતી. મારાથી જવાય એટલો દૂર હું ગયો. પણ મેં તો આ મૂળ મુદ્દા ઉપર જ ભાર મૂકયો હતોઃ હિંદુસ્તાનને સારૂ 'ડુમિનિયન સ્ટેટસ'ની યોજના ઘડવાને માટે જ પરિષદ હોય. વાઇસરૉયે જો આની 'હા' કહી હોત, તો મેં ખુશીથી એમને બીજા મુદ્દાઓની ચર્ચા કરવા દીધી હોત.

પ્ર૦ ત્યારે એ યોજના થોડા વર્ષ પછી અમલમાં આવતે તો આપને વાંધો નહોતો ?

ઉ૦ જો એ યોજનાનો અમલ લાંબે સમયે થવાનો હોત તો તો મેં તેને ફગવી દીધી હોત. પણ વાઇસરૉય સાથેની મુલાકાત વિષે આપણે વાત ન કરીએ. લોકોને એ વિષે કોઇ દિવસ વધુ ખબર પડશે. હું તમને ખાતરી આપું છું કે 'ડુમિનિયન સ્ટેટસ'ની સાચી યોજના ઘડવાનો ત્યાં પ્રશ્ન જ નહોતો.

અગિયાર માગણીઓ

પ્ર૦ હવે આપની જાણીતી અગિયાર માગણીઓ વિષે. ધારો કે એમાંની કેટલીક કબૂલ કરવામાં આવે તો આપ સમાધાન કરો?

ઉ૦ કેટલીક મુખ્ય માગણીઓ સ્વીકારવામાં આવે અને બાકીની માગણીઓ વિષે વચન આપવામાં આવે કે તે વહેલામાં વહેલી તકે સ્વીકારાશે તો પરિષદ વિષે હું વિચાર કરૂં. પરંતુ આ બધી માગણીઓનું ન્યાયીપણું સ્વીકારાવું જ જોઇએ તમે સંમત થશો કે આ માગણીઓમાં નવું કંઇ નથી. ઠેઠ દાદાભાઇ નવરોજીના જમાનાથી એમાંની ઘણી માગણીઓ મુકાતી આવી છે.

પ્ર૦ ધારો કે દીવાની અને લશ્કરી ખર્ચને ઘટાડવાની આપની માગણી મંજૂર રાખવામાં આવે તો એ એમની 'શુદ્ધ દાનત'નો પુરાવો ન ગણાય?

ઉ૦ તો હું મારી સ્થિતિનો ગંભીરપણે ફરીથી વિચાર કરૂં ખરો. પણ આ બધું એ માગણીઓ કેવા ભાવથી મંજૂર રખાય છે તેના ઉપર આધાર રાખે છે.

પ્રયાણ

અમદાવાદનાં હજારો શહેરી ભાઈબહેનો ૧૧મીની રાતે જાગ્યાં. હજારોએ આશ્રમને ઘેર્યું. રાતના અફવા ઊડ્યા જ કરી: 'એ આવ્યા.' મારા કાનમાં બેવાર કોઇ ગંભીર મોઢે કહી ગયું: 'પાયાદાર ખબર છે કે ખાસ ટ્રેન આજે સાંજે આવશે, ને તમને માંડલે મોકલવા સારૂ લઇ જશે.' જેલ અને ન-જેલ મારે સારૂ એક જ વસ્તુ હોવાથી મારી ઉપર આ ખબરની અસર ન થઈ. હું તો નિરાંતે સૂતો. પણ મારી આસપાસ રહેલા મજૂરો અને માલિકોને મને વીંટળી રહેલા જોઇ આનંદ થયા વિના ન રહ્યો. 'એ' તો ન આવ્યા. અને ધારેલે ચોઘડિયે, ધારેલી પળે ઇશ્વરે અમને રવાના કર્યા. ચંડોળા તળાવ લગી વળાવવા આવેલા લોકોની હાર વચ્ચેથી અમે પસાર થયા. આ દશ્ય હું કદી ભૂલી શકું તેમ નથી. મારે સારુ આ ઇશ્વરના આશીર્વાદ હતા. આવા દશ્ય છતાં હું કેમ માનું કે આ યુદ્ધને વિષે જીત નથી? ધનિક અને નિર્ધન બન્ને પોતાના પ્રમાણમાં જ હાજર હતા. જો આ દશ્યનો કંઇ અર્થ હોય તો તે એ છે કે, તે આટલો તો છે જ કે બધા લોકોને સ્વાધીનતા જોઇએ છે, ને એ સ્વાધીનતા તેઓ શાંતિને માર્ગે ઇચ્છે છે. આશ્રમથી એલિસબ્રિજ લગી હારબંધ ઊભાં રહેલાં સ્ત્રીપુરુષોની આંખમાં મેં ઝેર નહિ પણ અમૃત જોયું. તેમની આંખમાં અંગ્રેજી રાજ્યની ઉપર કે અંગ્રેજી રાજ્યકર્તાની ઉપર મેં ગુસ્સો ન જોયો, પણ પૂર્ણ સ્વરાજ્ય હવે તો આવે જ છે એ વિશ્વાસથી ઉત્પન્ન થતો આનંદ જોયો.

સત્તાવાળાઓએ પણ ડહાપણ વાપર્યું. એક પણ સિપાઇ મારા જોવામાં ન આવ્યો. જ્યાં લોકો ઉત્સવ ઊજવવા આવ્યા હતા ત્યાં સિપાઇનું શું કામ હોય, સિપાઈ શું કરે ?

જેવો વિશ્વાસ અમદાવાદના શહેરીઓએ આ દિવસોમાં બતાવ્યો છે તે કાયમ રહો, એ વિશ્વાસ આખા દેશમાં પ્રસરો, એટલે અલ્પ પ્રયત્ને પૂર્ણ સ્વરાજ્ય છે જ. જો પૂર્ણ સ્વરાજ્ય એ આપણો જન્મ-સિદ્ધ હક હોય તો તે હક મેળવતાં આપણને કેટલો વખત જવો જોઇએ ? શ્વાસ લેવાનો મારો જન્મસિદ્ધ હક છે તેથી તે સહેજે ચાલે છે. ઘણા કાળથી ચાલતી આવતી પરતંત્રતાએ આપણા મનમાં ભ્રમ પેદા કર્યો છે કે પરતંત્રતા જ આપણી સ્વાભાવિક સ્થિતિ છે સાચી વાત એ છે કે પરતંત્રતા કોઇ પણ મનુષ્યની સ્વાભાવિક સ્થિતિ છે જ નહિ. ત્રીસ કોટિ મનુષ્ય જ્યારે સ્વતંત્રતા મેળવવાનો સંકલ્પ કરે ત્યારે તે તેની પાસે આવી જ છે. ૧૨મીનું દૃશ્ય એ સંકલ્પનું ચિહ્ન હતું.

પણ હું ઝટ ભોળવાઇ નથી જતો. જનસમાજનો પ્રવાહ ગાડરિયાં જેવો આખા જગતમાં જોવામાં આવે છે. તેમ ૧૨ મીએ પણ હતું. દેખાદેખીએ ઘણા નીકળી પડયા હતા; અથવા આમ ઉત્સવમાં નીકળી પડવું એ ઘણાના ત્યાગનો આરંભ અને અંત હતો. એમ જ હોય તો એ સ્વતંત્રતાની નિશાની નહોતી. એક લાખ માણસ જ્યારે ત્રીસ કરોડને દબાવે ત્યારે તે દબાણમાંથી નીકળી જવા સારુ ત્રીસ કરોડ એકઠા થઇને મહેનત કરે તો બહુ ઓછી મહેનતે, બહુ ઓછા ત્યાગે તેઓ ગુલામીમાંથી મુક્તિ મેળવે. પણ કાંઇક ત્યાગ તો જોઈએ જ. એ છેક બચ્ચાંનો ખેલ નથી, એ વિચાર કરી શકનારાનો પરિશ્રમ છે. એટલે ત્રીસ કોટિ ખાદીધારી ન થાય તો ત્રીસ લાખ સવિનય કાનૂનભંગ કરનારા તો થાય? આ સ્વરાજ્યયજ્ઞમાં ઘણા હોય તો પરિશ્રમ તેમનામાં વહેંચાઇ જાય. જો ઓછા હોય તો તેમણે વધારે

બોજો ઉઠાવવો રહ્યો. કેમકે સ્વરાજ્ય મેળવવા સારુ પરિશ્રમનું માપ તો એક જ હોય. તેથી તે પરિશ્રમ કોણ ઉપાડે ને કેવી રીતે એ જ પ્રશ્ન રહે છે. ગુજરાતીઓની ઉપર આ કૂચને સફળ કરવાનો તાત્કાલિક બોજો છે. કૂચને સફળ કરવી એટલે સંઘને નિયમસર ભોજન આપવું ને તેની બીજી સરભરા કરવી એ જ નહિ, એ તો ગામનાં મહાજન પ્રેમપૂર્વક કરી રહ્યાં છે. સફળ કરવાનો અર્થ એ છે કે તેમાં ભરતી થવા સ્ત્રીપુરુષો નીકળી પડે. ટુકડી જલાલપુર પહોંચે કે તુરત મીઠાના કાયદાનો સવિનય ભંગ કરનારા તૈયાર હોવા જોઈએ. પ્રત્યેક ગામે આવા 'ભંગી'ઓને તૈયાર કરી રાખવા જોઇએ, જેથી સમય આવ્યે તેઓ હોમાઈ જાય.

બહિષ્કારની મર્યાદા

ચાલતી યાત્રા દરમ્યાન બહિષ્કારને વિષે હું મારાં ભાષણોમાં ઠીકઠીક બોલ્યો છું. એ ભાગ છાપાંવાળાઓએ કેવી રીતે છાપાંમાં મોકલ્યો છે તે હું નથી જાણતો. વિષય અગત્યનો હોવાથી તે અહીં વિચારી જવો ને બહિષ્કારની મર્યાદા આંકવી આવશ્યક છે. આ લડત પવિત્ર, સત્યની, અહિંસાની એટલે ધર્મની હોઈ તેમાં જાણેઅજાણે પણ કંઇ ભૂલ ન થાઓ એ બહુ જરૂરનું છે. આમાં થયેલી જરા પણ ભૂલ લડતને નુકસાન પહોંચાડયા વિના નહિ રહે.

બહિષ્કાર બે પ્રકારે કામ કરી રહેલ છે: એક સરકારી અમલદારોનો, અને બીજો જેઓ લોકમતને તાબે નથી થતા તેમનો—જેમકે મુખી ઇત્યાદિનો.

અમલદારો જ્યારે આપણાં ગામડાંમાં આવે ત્યારે તેમની સલામી ન કરવી, તેમની સલામીએ ન જવું એ આવશ્યક છે, ધર્મ છે. તેમની સરભરા ન કરાય; તેમને કશા પ્રકારની સગવડ ન અપાય. આ અસહકાર છે. ગાડાવાળો ગાડું ન આપે, કુંભાર પાણી ન ભરે, મોદી સીધું ન આપે, મુખી ગામનું કે પોતાનું ગોદડું ન આપે. કારણ અમલદાર આ બધી સગવડો અમલ પરત્વે લે છે. સગવડો ન આપવામાં અમલદારને દુ:ખ દેવાનો હેતુ નથી, પણ તેના અમલને બંધ કરવાનો હેતુ છે, ને તેમાં સવિનય ભંગ પણ હોય.

ત્યારે અમલદાર ભૂખે મરતો હોય અથવા દુઃખે પીડાતો હોય ને તેની મદદે કોઇ ન હોય તો ? એવે સમયે આપણે દુઃખ સહન કરીને અમલદારની સેવા કરવી. માનો કે અમલદારની મોટર ભાંગી પડી, તેને ખોરાકની જરૂર પડી, તો આપણે તેને ખોરાક પૂરો પાડીએ ને તેની પાસે પૈસા ન હોય તો પૈસાની આશા ન રાખીએ; ધારો કે અમલદાર ઓચિંતો માંદો પડયો ને તેની સેવામાં કોઇ નથી, તો તેની સેવા આપણે એટલા જ પ્રેમથી કરીએ જેટલા પ્રેમથી આપણાં પ્રિયજનની કરીએ. મનુષ્ય તરીકે આપણને તેની સાથે વેર નથી. તેના અમલની સાથે આપણને વેર છે. હજુ સરકાર ગાંડી નથી બની, અમલ ચલાવવામાં તેને બહુ અગવડ નથી ભોગવવી પડી. પણ જ્યારે તેને ખરી અગવડ પડે ત્યારે તે રિવાજ મુજબ ગાંડી થાય ને મર્યાદા છોડે એવો સાવ સંભવ છે. એવું થાય ત્યારે તેના અમલદારોને જે જોઇએ તે લોકોની પાસેથી જબરદસ્તીથી લેવાનો હુકમ થવાનો સંભવ છે. આવે વખતે મજકૂર બહિષ્કારનો ઉપયોગ પૂરો થઇ શકે. તે વખતે આપણને ખબર પડે છે કે બહિષ્કાર એ ખરેખરો ધર્મ છે. અમલદાર માને છે કે લોકો તેની સગવડો તેના અમલની રૂએ પૂરી પાડવા બંધાયેલા છે. લોકો જ્યારે આ માન્યતાને ખોટી પાડે ને તેમ કરતાં જે દુઃખો પડે તે સહન કરે ત્યારે તેઓ મુક્ત થયા મનાય. આવી જબરદસ્તીને વશ ન થવાય ત્યારે લોકો જીત્યા ગણાય. અત્યારે તો બહિષ્કાર રમતવાત ગણાય. પણ જ્યારે લૂંટ કરવાની છૂટ સરકારી નોકરોને મળે ત્યારે પણ લોકો પાયમાલ થાય છતાં દાતણ સરખું યે સ્વેચ્છાએ ન આપે એટલે બહિષ્કારનો ધર્મ પાળ્યો ગણાય. પણ યાદ રાખવું કે આવો સમય આવે ત્યારે પણ જો અમલદાર ઉપર પ્રમાણે ભીડમાં આવે ને તેનો અમલ તેનો બેલી ન થાય તો આપણે તેની સેવા કરીએ. મિત્ર અને દુશ્મનને સરખો ગણવાનો ધર્મ પાળવાનો આ અવસર ગણાય. સત્યાગ્રહીને આ જગતમાં કોઇ દુશ્મન નથી, ન હોય; તે કોઇને દુશ્મન

ન ગણે. પોતાનો દીકરો કે બાપ અમલદાર હોય તો યે તે બહિષ્કાર કરે. સત્યાગ્રહીની આગળ સ્વજન–પરજનનો ભેદ ન હોય. જે સ્વજનને વિષે કરવા તૈયાર ન થાય તે પરજનને વિષે કદી ન કરે.

હવે મુખીનું દૃષ્ટાંત વિચારીએ. ગામ આખું ઇચ્છે છે કે મુખીએ રાજીનામું આપવું; પણ તેની હિંમત રાજીનામું આપવાની નથી, અથવા સ્વાર્થવશ થઇને તે રાજીનામું આપવા નથી ઇચ્છતો. આ કારણસર મુખીનો બહિષ્કાર ન કરાય. એમ કરેલો બહિષ્કાર બળાત્કાર છે. એમ મુખીને ફરજ પાડવી એટલે તેની પાસે પરાણે પુણ્ય કરાવ્યા બરાબર થયું. પણ ધર્મમાં બળાત્કાર હોય નહિ. કોઇની પાસે કંઈ કામ બળાત્કારે કરાવીને પ્રજાસત્તાક તંત્ર કદી સ્થાપી શકાય નહિ. આ મૃતપ્રાય થયેલી પ્રજામાં આવો બળાત્કાર વાપરવો મહાપાપ છે, અને કેવળ ડહાપણની દૃષ્ટિએ વિચારતાં યે આપણને જણાશે કે એમ બળાત્કાર કરતાં આપણો હેતુ કોઇ કાળે સફળ થાય નહિ. સફળ થાઓ કે ન થાઓ, એવો બળાત્કાર ચોખ્ખી હિંસા છે. મુખી રાજીનામું આપે કે ન આપે એ તેની મરજીની વાત છે. લોકમતને માન આપીને પણ તે રાજીનામું આપે તો સારૂં, ન આપે તો તેની ઉપર જોર ન કરાય.

પણ મુખી તેનો અમલ ન ચલાવી શકે; અમલની રૂએ એક પણ કામ લોકોની પાસેથી ન કરાવી શકે. મુખીની પાસે બે સ્થિતિ છેઃ તે અમલદાર છે ને તે ગ્રામવાસી છે. અમલદાર તરીકે વેઠ ઇત્યાદિ માગે તે ન મળે; ગ્રામવાસી તરીકે મોદીખાનું વગેરે માગે તે મેળવવાનો તેને અધિકાર છે. તેનું મોદીખાનું બંધ કરવું એટલે તેને રાજીનામું આપવાની ફરજ પાડયા બરોબર થયું. આ સત્યાગ્રહીથી ન કરાય.

લોકમતથી વિરુદ્ધ ચાલનાર લોકોનો મર્યાદિત અને સામાજિક બહિષ્કાર કરવાનો અધિકાર છે, અને કેટલીકવાર ફરજ થઇ પડે છે

જે મુખી સ્વાર્થની ખાતર પોતાના મુખીપણાને વળગી રહે છે તેને સમાજ પ્રતિષ્ઠા ન આપે, એટલે કે તેની માનુષી હાજતો પૂરી પાડવા ઉપરાંત બીજો સંબંધ બંધ કરે; તેને ત્યાં વિવાહને પ્રસંગે સમાજ ન જાય, તેના તરફથી મળતાં જમણ ઇત્યાદિનાં આમંત્રણ ન સ્વીકારે, તેના દુઃખમાં ભાગ લે, તેના ભોગમાં મુદ્દલ નહિ. આવા બહિષ્કારમાં કયાંયે ઝેરવેર, હિંસા, ન હોવાં જોઇએ. મુખી આપણો સગો ભાઇ હોય તો શું કરીએ? આપણી અમૂર્છિત સ્થિતિમાં આપણા પ્રત્યે સમાજનું વર્તન જેવું ઇચ્છીએ એવું વર્તન આપણે મુખી ઇત્યાદિના પ્રત્યે આપીએ.

હવે આપણે ત્રણ પ્રકારના બહિષ્કાર વિચારી ગયા:

૧ અમલદારનો તેના અમલ પરત્વે;

૨ મુખી જેવા પ્રત્યે બળાત્કારરૂપી બહિષ્કાર; અને

૩ મુખી જેવા જે લોકમતને માન નથી આપતા તેમના પ્રત્યે મર્યાદિત બહિષ્કાર.

પહેલો બહિષ્કાર કરવા જેવો છે, ને તે કરવાનો ધર્મ છે. જેનામાં હિંમત હોય તે જ એ બહિષ્કાર કરે. એ બહિષ્કારમાં અત્યંત દુઃખ સહન કરવાનો પ્રસંગ આવવાનો સંભવ છે એ યાદ રાખવું ઘટે છે. અત્યારે એ બહિષ્કારની માગણી મહાસભા નથી કરતી. એ બહિષ્કાર ગુજરાતમાં કેટલાક ભાગમાં શરૂ થયો છે, કેમકે તેનો ગુજરાતીને મહાવરો થયો છે ને તેની ઠીક આવડત છે. સરદાર વલ્લભભાઇને કેદ આપવાથી તે બહિષ્કાર ગુજરાતનો વિશેષ ધર્મ છે. પણ જેનાથી તે અણીને વખતે ન નિભાવી શકાય તે ન કરે તો હાનિ નથી, કર્યા પછી મૂકશે તો હાનિ છે.

બીજો બળાત્કાર કરવાનો બહિષ્કાર હમેશાં ત્યાજ્ય છે, એમાં હિંસા છે, ને એથી પ્રજાને બહુ નુકસાન પહોંચવાનો પૂરો સંભવ છે.

ત્રીજો મર્યાદિત બહિષ્કાર કરવાજેવો છે.

સત્યાગ્રહીના પ્રત્યેક કાર્યમાં પોતે દુઃખ સહન કરવાનું છે, વિરોધીને દુઃખ દેવાનું કદી નહિ. પોતે દુઃખ ખમતાં કે ધર્મ પાળતાં વિરોધીને દુઃખ થાય કે અગવડ પહોંચે તેને સારૂ સત્યાગ્રહી લાચાર થાય છે.

હાલ જે પ્રજાની પાસેથી હું માગી રહ્યો છું એ મીઠાના કાયદાનો સવિનય ભંગ. તે ઉપરાંત કંઇ ન થઈ શકે તો ભલે સહુ બેસી રહે, પણ આગળ પગલું લેતાં પાછા પડશે તો ભય ને નુકસાન છે.

મુખીમતાદારો વિષે

મુખીમતાદારોનાં રાજીનામાં એટલાં બધાં આવ્યાં છે કે તેમને વિષે થોડું લખવું આવશ્યક થઈ પડયું છે. આ રાજીનામનિ વિષે એટલી બધી અફવાઓ સાંભળી છે કે હું પોતે તેની સચ્ચાઈને વિષે શંકાશીલ છું. જો એ રાજીનામાં દબાણ વિના ખુશીથી અપાયાં હોય તો તેની બહુ કિંમત છે. છતાં જે સરદારની કેદને નિમિત્તે તે અપાયાં છે, તેમની સેવાની કિંમતની સાથે સરખાવતાં આ રાજીનામાંની કિંમત કંઈ જ નથી. જે ગુજરાતને સારુ વલ્લભભાઈએ પોતાનું સર્વાર્પણ કર્યું છે તે ગુજરાત જેટલો ત્યાગ કરે તેટલો ઓછો છે. સરદારનું સર્વાર્પણ ગુજરાતને સારુ ખરું, પણ તેનો અંતિમ હેતુ સ્વરાજ છે. તેથી ગુજરાતે તો સ્વરાજને સારુ જે યત્ન કરવા યોગ્ય છે તે બધા કરવા જોઈએ.

આ દૃષ્ટિએ મુખીપણાને તપાસીએ. જેટલી સ્પષ્ટ રીતે હવે હું મુખીપણું સમજ્યો છું તે પહેલાં નહોતો સમજતો. મુખી એટલે પોલિસપટેલ. મુખીની મારફત સરકાર વિઘોટી ઉઘરાવે છે ને તેના હુકમોનો અમલ કરાવે છે. મામલતદાર ઈત્યાદિ અમલદારો મુખી વિના ઠૂંઠા થઈ પડે. ગમે તે માણસને મુખી નીમવામાં નથી આવતા, પણ ગામમાં જેને વગવસીલો હોય તેવા માણસને નીમવામાં આવે છે. આવા માણસોની સરકારના દફતરમાં નોંધ રહે છે ને તે મતાદારો કહેવાય છે. આ બધામાંથી વારાફરતી મુખી નિમાય છે ને દર પાંચ વરસે બદલાય છે. આ મતાદારોને સરકાર પ્રતિવર્ષે કંઈક નજરાણું આપે છે, એટલે કે ચારપાંચ રૂપિયા. મુખીને પ્રતિવર્ષ

ત્રીસથી પચાસ રૂપિયાનું નજરાણું મળે છે. 'નજરાણું' શબ્દ મેં વાપર્યો છે. એને પગારરૂપે કોઇ ઓળખતું નથી. મુખીને મળતા રૂપિયાની તેની પાસે કશી કિંમત હોતી નથી, કેમકે મુખી સામાન્ય રીતે પૈસેટકે સુખી માણસ હોય છે. આ મળતા પૈસાને શું નામ આપવું એ વિચારતાં મેં તેને 'નજરાણું' કહ્યું. અફગાનિસ્તાનના અમીરને આવું નજરાણું આપી તેને બાંધી લેતા હતા. અમીરના નજરાણામાં અને મુખીના નજરાણામાં ફેર ઘણો છે એ જાણું છું. અમીરનું નજરાણું મોટું હતું. આ નાનકડું. બીજા ફેર પણ છે. છતાં બંનેમાં મતલબ સામાને બાંધી લેવાની છે.

મુખી ને મતાદાર આમ શું કામ બંધાઇ જાય છે? લૂખો અમલ ભોગવવાને ખાતર તો નહિ જ. પણ અમલમાંથી પોતાની પ્રતિષ્ઠા વધે, ને એ પ્રતિષ્ઠાને વટાવી તેમાંથી પૈસા પેદા કરે. આ કામ પ્રામાણિકપણે થાય નહિ. તેમાં અપ્રામાણિકતા રહેલી જ છે. એટલે મુખીપણું લઇને ગામના મહાજન અને રક્ષક મટી ગામના ભક્ષક બનવાનો ધંધો કરવો તેનું નામ મુખીપણું. બધા મુખી આવા જ હશે એમ કહેવાનો આશય નથી. પણ ઘણા મુખીઓની સાથે કરેલી વાતનો આ સાર છે.

સરદારને ખાતર નહિ, સ્વરાજને ખાતર નહિ, પણ ધર્મ ને નીતિને ખાતર આવા મુખીપણાને અને મતાદારપણાને તિલાંજલિ દેવી ઘટે છે. આ વખતે દેશમાં જે આત્મશુદ્ધિ થઇ રહી છે તેમાં મુખીમતાદારો મોટો ફાળો આપી શકે છે. બીજાઓને તો પેટ પાછળ પડયું હોય એમ બહાનું કાઢે, મુખીમતાદારોને તેવું કશું નથી. તેમને તો ખિતાબ છોડયા જેવું છે. તેથી જ આ સ્થિતિને મેં એંઠવાડ તરીકે વર્ણવી છે, અને એ વર્ણન બરોબર છે. એ એંઠવાડમાંથી મુખીમતાદારો બચો.

સત્યાગ્રહપ્રતિજ્ઞા

સવિનય ભંગ માટે તૈયાર થનારા સ્વયંસેવકોને માટે દેશમાં અનેક પ્રકારની સત્યાગ્રહપ્રતિજ્ઞાઓ ચાલે છે, અને એવી હજારો ઉપર સહી થઇ ચૂકી છે. પણ મહાસભાની કાર્યવાહક સમિતિને લાગ્યું કે આખા દેશને માટે એક જ પ્રકારની પ્રતિજ્ઞા ઘડવામાં આવે એ ઇષ્ટ છે. કાર્યવાહક સમિતિના સભ્યોએ પ્રતિજ્ઞાના ઘણા નમૂનાઓ તપાસ્યા અને કેટલાકે એ વિષે ગાંધીજીની સાથે મસલત પણ કરી. તેમની સંમતિ મેળવીને નીચેની પ્રતિજ્ઞા તૈયાર કરવામાં આવી છે:

૧ મહાસભાએ પૂર્ણ સ્વરાજ્યને અર્થે આરંભેલા સત્યાગ્રહમાં હું જોડાવા ઇચ્છું છું.

૨ સત્ય અને અહિંસાને માર્ગે હિંદને માટે પૂર્ણ સ્વરાજ્ય મેળવવાના મહાસભાના ધ્યેયને હું સ્વીકારૂં છું.

૩ જેલમાં જવાને હું તૈયાર છું, અને લડત દરમ્યાન મારા ઉપર બીજાં જે જે સંકટો આવી પડે કે મને જે જે સજા થાય તે સહન કરવાને હું તૈયાર છું.

૪ હું જેલમાં જઇશ તો મહાસભાના ફંડમાંથી મારા કુટુંબના ભરણપોષણને માટે હું કશી મદદની આશા રાખીશ નહિ.

૫ લડતની લગામ જેમના હાથમાં હશે તેમના હુકમનું હું અક્ષરશઃ પાલન કરીશ.

આ પ્રતિજ્ઞા આજે ચાલતી અનેક પ્રતિજ્ઞાઓના કરતાં વધારે સાદી અને ટૂંકી છે. આવી પ્રતિજ્ઞાઓમાં સામાન્ય રીતે ખાદી અથવા

હિંદુમુસલમાનઐક્ય અને એવી જ બીજી શરતો રાખવામાં આવે છે, પણ તે આમાં નથી રાખી. આનો અર્થ એવો નથી કે મહાસભા પોતાના કાર્યક્રમનાં એ અંગો ઉપર હવેથી ઓછો ભાર મૂકવાની છે. મહાસભા તો એના ઉપર અતિશય ભાર મૂકતી આવી છે અને મૂકશે જ એ વાત સ્વયંસેવકો ખૂબ ધ્યાનમાં રાખે. આમ છતાં સૌને લાગ્યું કે જે લડતમાં લાખો માણસો ભાગ લેશે એવી આશા રખાય છે તેને માટે પ્રતિજ્ઞા સાદી હોવી જોઇએ, અને તેમાં ભાર માત્ર કાનૂનભંગને વિષે રહેલી અહિંસા ઉપર જ હોવો જોઇએ.

વળી આ પ્રતિજ્ઞા ઉપર સહી કરી એટલે સહી કરનાર આપોઆપ સત્યાગ્રહી તરીકે સ્વીકારાઇ જતો નથી. પ્રતિજ્ઞાપત્ર એટલે એક અરજીનું પત્ર છે અને તેને મંજૂર કરવું કે ન કરવું એ જે જે સમિતિ પાસે તે પત્ર આવે તેના અધિકારની વાત છે.

ઉપર આપી છે તે પ્રતિજ્ઞા કરતાં વધારે સખત પ્રતિજ્ઞા ઉપર જેમણે અત્યારપહેલાં સહી કરી દીધી છે તેમણે પાછી આ પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવાની જરૂર નથી.

જવાહરલાલ નેહરૂ

૨

મહાસમિતિએ એક નાનકડી સત્યાગ્રહપ્રતિજ્ઞા ઘડી છે. ઇરાદાપૂર્વક એ સાદામાં સાદી બનાવવામાં આવી છે. અનેક વીગતોથી ભરેલી પ્રતિજ્ઞાઓ ઉપર લાખો સહી કરશે એવી આશા આપણે નથી રાખી શકતા, એટલે સત્ય અને અહિંસાને જ સાધન માનનાર ધ્યેયના ઉપર સહી કરવા ઉપરાંત અને નેતાના હુકમ પાળવાની પ્રતિજ્ઞા ઉપરાંત આ પ્રતિજ્ઞાપત્રમાં બીજું કશું નથી. આગળઉપર જ્યારે મોટા સમૂહના સમૂહો આ લડતમાં જોડાશે ત્યારે પ્રતિજ્ઞાપત્રની પણ જરૂર નહિ રહે. તે વેળા અનેક મૂંગા નનામા વીરો

આગળ આવશે, જેમ કેટલાક નઠારા ને નબળા માણસો પણ આગળ આવવાનો સંભવ છે. વળી આ પ્રતિજ્ઞાપત્ર એ માત્ર અરજી છે, એથી અરજી કરનારને સ્વયંસેવક તરીકે સ્વીકારાવાનો અધિકાર નથી મળી જતો. એ પણ યાદ રાખવામાં આવે કે જૂનાં અને વધારે આકરાં પ્રતિજ્ઞાપત્રો આ પ્રતિજ્ઞાપત્રથી રદ નથી થતાં. આ પ્રતિજ્ઞાપત્ર તો અણીના સમયને માટે યોજવામાં આવ્યું છે.

સ્વયંસેવકોની ભરતી કરનાર અમલદારોના ઉપર ઘણી મોટી જવાબદારી રહેલી છે. આ સાદા પ્રતિજ્ઞાપત્રનો કોઇ એવો અર્થ ન કરે કે કોમી ઐક્ય, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ અથવા દારૂનિષેધને હવે આપણે છોડી દેવાના છીએ. એ બધાં તો મહાસભાના કાર્યક્રમનાં આવશ્યક અંગો રહેશે જ. માત્ર મહાસભામાં હજારો પુરુષો અને સ્ત્રીઓને સ્વરાજની લડતને માટે દાખલ કરવા માટે આપણે એક સાદી પ્રતિજ્ઞા રાખી છે. અને તેમ કરતાં એટલી વસ્તુ તો સ્વીકારી લેવામાં આવી જ છે કે મહાસભાના સંચાલકો કોઈ પણ રીતે મહાસભાના કાર્યક્રમને ધોઈ નહિ નાંખે. મહાસભાની સંસ્થા સંપૂર્ણ પ્રામાણિકપણે ચાલશે એવા અખંડ વિશ્વાસને આધારે જ આ પ્રતિજ્ઞા ઘડાયેલી છે. છેવટે એક વાત. આ પ્રતિજ્ઞા ઉપર સહી કરવાથી સ્વયંસેવકો મહાસભાના સભ્યો બનતા નથી.

૬ઠ્ઠીએ મંગલાચરણ

૬ઠ્ઠી એપ્રિલને રવિવારે વાચકોના હાથમાં આ અંક પડશે. જો હું મનાઇ ન કરૂં તો સૌએ માની લેવું કે જેઓ મીઠાના કાયદાનો ભંગ કરવાને તૈયાર હોય તેઓ તા. ૬ ઠ્ઠી એપ્રિલથી આ ભંગ કરવાને મુક્ત છે અને તેમની પાસેથી તેની આશા રાખવામાં આવશે.

અનેક વખતે આ જ પત્રમાં કહેવામાં આવ્યું છે તેનો પાછો સારાંશ આપી જાઉં.

સવિનય ભંગની એક માત્ર શરત શુદ્ધ અહિંસાનું સંપૂર્ણ પાલન છે.

સામુદાયિક સવિનય ભંગ આપોઆપ જ થાય. કાર્યકર્તાઓ આરંભમાં લોકોને માત્ર દોરશે. પણ પછીથી તો લોકો પોતે જ લડતનું નિયમન કરશે.

મહાસભાના સ્વયંસેવકો લડતનો રંગ જોતા રહેશે અને જ્યાં મદદની જરૂર હશે ત્યાં મદદ કરશે. તેમણે તો બધે મોખરે જ રહેવું પડશે.

જ્યાં ખુનામરકી ફાટી નીકળે ત્યાં ખુનામરકી અટકાવવાના પ્રયત્નમાં ખપી જવાની તૈયારી રાખવી.

સંપૂર્ણ નિયમપાલન અને એકબીજા વચ્ચે સંપૂર્ણ સહકાર હશે તો જ ફતેહ મળવાની છે.

જો સાચી લોકજાગૃતિ થઇ હશે તો જેઓ સવિનય ભંગમાં રોકાયલા ન હશે તેઓ ખાદીનું કામ, દારૂ અને અફીણની દુકાનની ચોકીનું કામ, પરદેશી કાપડના બહિષ્કારનું કામ, ગ્રામસુધારણા અને

જેલમાં ગયેલા સત્યાગ્રહીઓનાં કુટુંબોને અનેક રીતે મદદ કરવાનું કામ કરતા રહેશે એવી આશા રાખવામાં આવે છે.

સ્વયંસેવકોએ કયાંય કોમી ઝગડામાં એક પક્ષમાં જોડાવું નહિ.

જો મીઠાના કાયદા વિષેના સવિનય ભંગમાં લોકો ખરા દિલથી ભળશે તો આપણે યોગ્ય વ્યવસ્થા કરીને ખાદી મારફત પરદેશી કાપડનો બહિષ્કાર કરી શકશું અને સંપૂર્ણ દારૂનિષેધ કરી શકશું. આથી આપણે ૯૧ કરોડ રૂપિયા બચાવી શકીએ અને લાખો લોકોને ફાજલ વખતમાં કરવાનું કામ મળી રહેશે. જો આટલું મળે તો આપણે સ્વતંત્રતાની પાસેપાસે પહોંચી જઇએ, અને એમાંથી એકે વસ્તુ આપણી શક્તિની બહાર નથી.

સ્વદેશી

એક તરફથી મુંબઈના કાપડના વેપારીઓ વિદેશી વસ્ત્રના બહિષ્કારની વાતો કરી રહ્યા છે, બીજી તરફ અમદાવાદની ગુજરાત સભા એ જ વાત કરી રહી છે. બન્નેના ઉદ્દેશ આ ચાલી રહેલી હિલચાલને યથાશકિત મદદ કરવાનો છે. પણ બન્ને ભૂલ કરે તો અજાણપણે વિદેશી કાપડના બહિષ્કારની હિલચાલને ધક્કો પહોંચવાનો સંભવ છે.

સ્વદેશીના આટલા પ્રકાર જોવામાં આવે છે :

૧. શુદ્ધ એટલે હાથે કાંતેલા સૂતરની હાથે વણેલી ખાદી.

૨. હિંદુસ્તાનની હિંદી માલિકી ને હિંદી તંત્ર નીચે ચાલતી મિલોનું બનેલું અને તેવી જ મિલમાં કંતાયેલા સૂતરનું કાપડ.

૩. આવી મિલમાં થોડા કે વધારે અંશમાં પરદેશી મિલોમાં કંતાયેલા સૂતરનું કાપડ.

૪. હિંદુસ્તાનમાં ગમે તે મિલમાં એટલે પરદેશીઓની માલિકીમાં ને પરદેશીના તંત્રમાં રહેલી મિલોનું કાપડ.

૫. હિંદુસ્તાનમાં બનેલી વસ્તુમાત્ર.

૬. જે વસ્તુને વિષે હિંદુસ્તાનમાં કંઈ પણ ક્રિયા થઈ હોય તે વસ્તુ, જેમકે વાજાના બધા ભાગો પરદેશમાં બન્યા હોય ને તેમને ગોઠવીને વાજું હિંદુસ્તાનમાં એકઠું કર્યું હોય.

બહિષ્કારના પ્રકાર નીચે પ્રમાણે છે:

(क) વિદેશી વસ્ત્રમાત્રનો બહિષ્કાર.

(ख) માત્ર અંગ્રેજી કાપડનો જ બહિષ્કાર.

(ग) બધી અંગ્રેજી વસ્તુઓનો બહિષ્કાર.

(घ) બધી પરદેશી વસ્તુઓનો બહિષ્કાર.

મારી દૃષ્ટિએ ખરૂં સ્વદેશી (૧) એટલે શુદ્ધ ખાદી જ છે, ને ખરો બહિષ્કાર (क) એટલે વિદેશી વસ્ત્રમાત્રનો. (૧) સ્વદેશી સિદ્ધ થાય તો બીજાં આવશ્યક સ્વદેશી એની મેળે જ સિદ્ધ થાય. બધાં ફાયદાકારક સ્વદેશીને પહોંચવા જતાં એક આવશ્યકને પણ નહિ પહોંચાય.

બહિષ્કાર એક (क) જ એટલે વિદેશી કાપડમાત્રનો આવશ્યક છે, ને તે ખાદીની મારફતે જ શક્ય છે.

વાંચનાર યાદ રાખે કે બીજા સ્વદેશીની વાત મહાસભાની હસ્તીના કાળથી એટલે ૪૫ વર્ષ થયાં ચાલતી આવે છે, પણ સિદ્ધ થયેલ નથી. શુદ્ધ સ્વદેશીની એટલે ખાદીની વાતને નવ વર્ષ જ થયાં છે, છતાં તેમાં સારી સફળતા મળી ચૂકી છે. તેને સારૂ એવી એક રાષ્ટ્રીય સંસ્થા ઊભી થઇ છે કે જેની જોડીની બીજી એક પણ સંસ્થા આખા જગતમાં મારી નજરે નથી. આ ખાદીની પ્રવૃત્તિને લીધે જ વ્યાપક સવિનય ભંગનો પ્રયોગ શક્ય થયો છે.

વાંચનાર યાદ રાખે કે પિસ્તાળીસ વર્ષ થયાં પરદેશી વસ્તુઓ અથવા અંગ્રેજી વસ્તુઓના બહિષ્કારની વાત ચાલતી આવી છે, પણ તેમાં કશી સફળતા મળી જોવામાં નથી આવી. જ્યારે પરદેશી કાપડના બહિષ્કાર ઉપર એટલી અસર પડી ચૂકી છે કે જેથી પ્રજાને તે બહિષ્કારની શકયતા વિષે વિશ્વાસ ઉત્પન્ન થયો છે.

મારો અભિપ્રાય છે કે વ્યવહારદૃષ્ટિએ વિચારતાં પ્રજાનું ધ્યાન વિદેશી કાપડના બહિષ્કારની બહાર જવા દેવામાં હાનિ છે, અને

ખાદીની બહાર જઇને વિદેશી કાપડનો બહિષ્કાર સાધવાનો વિચાર કરવો એ ટૂંકી બુદ્ધિની નિશાની છે. જો દેશી મિલોથી જ તે બહિષ્કાર સિદ્ધ થવાનો હોત તો આજ લગીમાં એટલે પચાસ વર્ષમાં મિલોએ તે સિદ્ધ કર્યો હોત. હા, મિલો ખાદીની સાથે ભળીને બહિષ્કારને સરસ મદદ કરી શકે છે. એ કઇ રીતે તે હું બતાવી ચૂક્યો છું.

હિંદુસ્તાનની મિલોના કાપડનું સ્વદેશી એ નિરર્થક છે એટલું જ નહિ પણ નુકસાનકારક છે. કેમકે તેથી ખાદી અને મિલના કાપડને સરખું સ્થાન મળે છે. એ તો લાંબાને ટૂંકાની દોસ્તી વાળી વાત થઇ. લાંબા ને સરખા હક એટલે ટૂંકાને કંઇ જ નહિ. ટૂંકો લાંબાની હારે કદી ઊભી ન જ શકે એ નરી આંખે દેખાય એવી વાત છે. તેથી લાંબો જો ટૂંકાને ન્યાય આપવા ઇચ્છે તો તેણે ટૂંકાને હમેશાં આગળ મૂકવો જોઇએ, ટૂંકાને જે જોઇએ તેનો તેણે ત્યાગ કરવો જોઇએ, ટૂંકાને પોતાની કાંધ ઉપર ઊંચકીને પોષવાની પણ જરૂર પડે. બરોબર એ જ રીતે મિલના કાપડ અને ખાદી વચ્ચેનો સંબંધ છે. મિલનું કાપડ તો ચાલે જ છે. ખાદી તો હજુ રીખતાં શીખી નથી. એટલે શુદ્ધ ખાદીનું નર્યું વ્રત ન હોય તે આટલું જ કરી શકે: "હું વિદેશી કાપડ જેમાં એક પણ વિલાયતી ધાગો હશે તે કદી નહિ વાપરું, તેને બદલે બને ત્યાં લગી શુદ્ધ ખાદી જ વાપરીશ. અને મને જોઇએ તેવી ખાદી નહિ મળી શકે ત્યાં હિંદુસ્તાનીની માલિકીની ને હિંદુસ્તાનીના તંત્ર નીચે ચાલતી મિલનું કાપડ વાપરીશ."

જો ખાદીને નિરંતર નજર આગળ ન રાખીએ તો પરિણામ આટલું જ આવે: દેશની—દેશી નહિ—મિલના કાપડના ભાવ વધવાના અને બહિષ્કાર કદી સિદ્ધ ન થાય.

૧. આપણા યુગમાં ગમે તેવા પ્રયત્ને પણ આપણી મિલો હિંદુસ્તાનને જોઇતું કાપડ પેદા ન જ કરી શકે.

૨. મિલોનું ધ્યાન સામાન્ય રીતે પોતાના નફા ઉપર જ રહે છે ને રહેવાનું.

૩. મિલોને સરકાર ગમે ત્યારે દબાવી શકે.

૪. અત્યારનો વાયુ જોતાં એમ માલૂમ પડે છે કે દેશની મિલો પરદેશી માલિકીમાં ને તેના તંત્ર તળે જતી જાય છે.

૫. મિલોને પરદેશી સંચા અને પરદેશી કરામત ઉપર આધાર રાખવો પડે છે, તેથી યે ગમે ત્યારે મિલો ભીડમાં આવી શકે.

એથી ઊલટું:

૧. ખાદીની ભાવના જો દેશમાં વ્યાપક થાય તો આજે જેટલી ખાદી જોઈએ તેટલી પેદા થઈ શકે.

૨. ખાદીને મિલના જેટલી મૂડી ન જોઈએ.

૩. ખાદીને મિલના જેટલી કરામત ન જોઈએ.

૪. ખાદીના મજૂરો ત્રીસ કોટિ છે એમ કહી શકાય.

૫. ખાદીને જોઈતાં બધાં યંત્ર દેશમાં જ પેદા થાય છે.

૬. ખાદીને સરકાર કે બીજી શક્તિ કદી ન દબાવી શકે.

૭. ખાદી ઘેરઘેર પેદા થાય.

૮. ખાદીને એક જગ્યાએ બનાવી બીજી જગ્યાએ મોકલવી અનિવાર્ય નથી. આજ થોડેઘણે અંશે તેને મુસાફરી કરવી પડે છે, કેમકે ખાદીભાવના વ્યાપક નથી થઈ.

આ બધા ઉપરથી વાંચનાર જોઈ શકશે કે ખાદી એ જ એક સ્વદેશીધર્મ છે. તેનું પાલન કરતાં જેને સ્વદેશીભાવના છે તે બીજું સ્વદેશી સહેજે સાધી લેશે. જે અજ્ઞાનપણે, દેખાદેખીએ કે દંભથી ખાદી પહેરે છે, તે તો ખાદી પહેરતો છતાં સ્વદેશીવ્રતધારીમાં ન ગણાય. એવા ખાદીધારી છેલબટાઉ સ્વદેશીભાવના પોષે છે એમ ન ગણાય. જ્ઞાનપૂર્વક ખાદી ધારણ કરનાર તુરત જ જે જે પરદેશી વસ્તુ વિના ચલાવી શકે તે વિના ચલાવતો થઈ જશે.

હવે બહિષ્કાર વિષે. બધી વસ્તુઓનો બહિષ્કાર ગાંડપણ છે. તેને વિષે દલીલ હોય નહિ.

માત્ર અંગ્રેજી વસ્તુનો કે અંગ્રેજી કાપડનો બહિષ્કાર અશકય છે, કેમકે અંગ્રેજી વસ્તુઓ ને કાપડ પરદેશી વસ્તુ અને કાપડને નામે આવી શકે છે. બંગાળના ભાગલાની ચળવળને વખતે અંગ્રેજી કાપડ ઉપરથી અંગ્રેજી છાપ ઊતરી તે સ્વદેશીને નામે વેચાયું હતું. એટલે અંગ્રેજી કાપડના બહિષ્કારની વાત કરતાં જાપાન ઇત્યાદિ બીજા દેશોના કાપડને લાભ આપવા ઉપરાંત એક પણ અર્થ સરે તેમ નથી.

આટલે લગી તો મેં માત્ર વિદેશી કાપડના બહિષ્કારની દૃષ્ટિએ જ વિચાર કર્યો છે.

સ્વરાજ પછીની સ્થિતિનો વિચાર કરતાં, હિંદુસ્તાનનાં કરોડો ભૂખે મરતાં કંગાળના હિતનો વિચાર કરતાં તો ખાદી એ જ એક વસ્તુનો વિચાર કરાય.

રાજદ્રોહનો ધર્મ

સક્રિય રાજનિષ્ઠા અને સક્રિય રાજદ્રોહ એ બે વચ્ચે કોઇ વચલો માર્ગ નથી. ન્યાયાધીશ સ્ટીવનનું એક વચન છે કે રાજદ્રોહના ગુનામાંથી મુક્ત કરવાને માટે માણસે પોતાને સક્રિય રાજનિષ્ઠ સિદ્ધ કરવો જોઈએ. લોકશાસનના આજના દિવસોમાં વ્યક્તિ વિષે સક્રિય નિષ્ઠા જેવી કોઇ વસ્તુ હોઇ શકે નહિ, એટલે નિષ્ટા કે દ્રોહ એ કેવળ સંસ્થા પરત્વે જ હોય. એટલે આપણે રાજદ્રોહી છીએ એનો અર્થ કોઇ વ્યક્તિનો નાશ કરવા ઇચ્છતા નથી પણ સંસ્થાનો નાશ કરવા ઇચ્છીએ છીએ. આજનું રાજતંત્ર એક એવી સંસ્થા છે કે જો તેનું સાચું સ્વરૂપ સમજવામાં આવે તો કોઈ પણ જણ રાજનિષ્ઠ રહી શકે જ નહિ. એ તંત્ર સડેલું છે. વ્યક્તિઓના વર્તન વિષેના એના ઘણા કાયદા તદ્દન ઘાતકી છે, અને એનો અમલ તેથી યે વધારે ખરાબ છે. ઘણીવાર આ રાજતંત્રમાં એક માણસની મરજી એ જ કાયદો થઇ પડે છે, બલ્કે એમ કહેવામાં વાંધો નથી કે આ દેશમાં જેટલા જિલ્લા છે તેટલા જ રાજકર્તા છે. કલેક્ટરો કહેવાતા આ અમલદારોને ન્યાય કરવાની અને વહીવટ કરવાની બન્ને સત્તા છે. કહેવાય છે તો એવું કે આ અમલદારો અતિશય ખામીવાળા છતાં કાયદાને નામે ચાલતા કાયદા પ્રમાણે વર્તે છે, તો પણ આ અમલદારો ઘણીવાર મનસ્વી હોય છે અને પોતાના તરંગો સિવાય બીજા કશાનો તેમને

અંકુશ હોતો નથી. લોકોના કલ્યાણની દૃષ્ટિએ અમલ કરવાને બદલે તેમને પોતાના પરદેશી શેઠો અથવા સિદ્ધાંતોને અનુસરવું પડે છે. આવા લગભગ ત્રણસો અમલદારોની એક સોનેરી ટોળી છે જેના જેવી સત્તા ધરાવનારી ટોળી જગતમાં બીજી એકે નથી. તેમને અમુક મહેસૂલ ઉઘરાવવાનું જ હોય છે, એટલે લોકોની પાસે તેટલી રકમ ઉઘરાવવામાં તેમને કશો વિધિનિષેધ નડતો નથી. આ આખું તંત્ર હિંદુસ્તાનના કરોડો ગરીબોને ઘાતકી રીતે ચૂસીને ચલાવવામાં આવે છે. અને એ વસ્તુ તેઓ પોતે કબૂલ કરે છે. પટેલથી માંડીને તે પોતાના ચિટનીસ સુધી આ રાજાઓએ નીચલા અમલદારોનો એક એવો વર્ગ પેદા કર્યો છે કે જે પોતાના પરદેશી શેઠોની એક બાજુએ ખુશામત કરે છે અને બીજી બાજુએ લોકોની સાથેના પોતાના નિત્ય-વ્યવહારમાં એવી તો બેજવાબ અને ઘાતકી રીતે વર્તે છે કે લોકોમાં શહૂર રહેતું નથી, અને નાદીરશાહીને લીધે લાંચરૂશવતની સામે થવાની શક્તિ રહેતી નથી. હિંદુસ્તાનના રાજતંત્રનું આ ભયંકર અનિષ્ટ જેઓ સમજે છે તેમનો તે તંત્ર પરત્વે રાજદ્રોહનો ધર્મ થઈ પડે છે. અને ખુલ્લી રીતે રાજદ્રોહનો પ્રચાર કરવાનો ધર્મ થઇ પડે છે. સાચી વાત તો એ છે કે આવા સડેલા રાજતંત્રને વિષે વફાદારી રાખવી એ પાપ છે, બેવફા થવું એ પુણ્ય છે.

ત્રણસેં માણસોના ભયથી ત્રાસેલા ત્રીસ કરોડ લોકોનું આ દર્શન એ જુલમગારો માટે તેમ જ તેમના જુલમના ભોગ થઇ પડેલા ગુલામોને માટે ભૂંડું છે. આ તંત્રની કેટલીક વસ્તુઓ સ્વતંત્ર રીતે ભલે આકર્ષક લાગે, પણ એકંદર રીતે એ તંત્ર તો અનિષ્ટ જ છે. આવું જેને જ્ઞાન થાય તેણે એ તંત્રનો વિનાવિલંબે નાશ કરવો જ રહ્યો, અને એ નાશ કરવાને અર્થે જે જોખમ લેવું ઘટે તે લેવાનો તેમનો ચોખ્ખો ધર્મ થઇ પડે છે.

બીજા પક્ષે આ ત્રીસ કરોડ લોકો જો આ તંત્રના ઘડનારા

અથવા ચલાવનારા ત્રણસેં માણસોનો નાશ કરવા તૈયાર થાય તો તે નામર્દાઈ જ કહેવાશે એમાં કશી શંકા નથી. આ વહીવટદારો અથવા ભાડુતિયાઓનો નાશ કરવાના ઉપાય યોજવા એ હડહડતા અજ્ઞાનની નિશાની છે. એ તો બિચારા પોતાના સંજોગોને વશ છે. આવા તંત્રમાં દાખલ થનાર પવિત્રમાં પવિત્ર માણસને પણ તેના પાપના છાંટા લાગ્યા વિના રહેશે નહિ, અને એ પાપનો પ્રચાર કરવામાં તેને સાધન થવું પડશે. એટલે આવા તંત્રને નાબૂદ કરવાનો ઉપાય આ વહીવટદારોની સામે ક્રોધ કરી તેમનું નુકસાન કરવામાં નથી, પણ તંત્રની પાસેથી જેટલી ઇચ્છાપૂર્વક મદદ લેતા હોઈએ તે મદદ ન લેવામાં અને તેના કહેવાતા લાભો ન લેવામાં જ છે, એટલે કે અસહકાર જ એક ઉપાય છે. જરાક વિચાર કરીશું તો જણાશે કે સવિનય કાનૂનભંગ એ અસહકારનું આવશ્યક અંગ છે. કોઈ પણ તંત્રના કાયદા અને હુકમોને વશ વર્તવાથી તે તંત્રને આપણે વધારેમાં વધારે મદદ કરીએ છીએ. પાપી તંત્રને એવી નિષ્ટા ઘટતી નથી. એવી નિષ્ઠા રાખવી કે સેવા કરવી એ તેના પાપમાં ભાગ લેવા બરાબર છે. એટલે સારો માણસ હમેશાં પાપી તંત્રની સામે તન, મન અને ધનથી વિરોધ કરશે. પાપી તંત્રના કાયદાનો ભંગ એ ધર્મ થઈ પડે છે. આ ભંગ જો અવિનય અથવા હિંસક ભંગ હશે તો એ તંત્ર ચલાવનારા માણસોને નુકસાન કરશે પણ તંત્રને કાયમ રાખશે, બલ્કે તેમનું પાપ વધારશે. એટલે અહિંસક અથવા તો સવિનય કાનૂનભંગ એ જ માત્ર એક અમોઘ ઉપાય છે. અને તેનો પ્રયોગ કરવો એ પાપની સાથે અસહકાર કરનારનો ધર્મ થઈ પડે છે.

સવિનય કાનૂનભંગમાં જોખમ રહેલું છે; કારણ કે એ શસ્ત્રનો પ્રયોગ હજી સંપૂર્ણપણે થયો નથી, અને હમેશાં હિંસાથી ભરેલા વાતાવરણમાં એ પ્રયોગ કરવો પડે છે. કારણ જુલમનો દોર વર્તતો હોય ત્યારે જુલમના ભોગ થઈ પડેલા લોકોને વિષે પુષ્કળ ક્રોધ પેદા થાય

છે. તેમની નબળાઇને લીધે તેમનો ક્રોધ તેમનામાં સમાઇ રહે છે, પણ જરાક સરખું બહાનું મળતાં તે ભભૂકી ઊઠે છે. આ નિરંકુશ પ્રાણઘાતક ગુપ્ત ક્રોધશકિતને પ્રાણપોષક અને નિયમવશ શકિત બનાવનાર પારસમણિ એ સવિનય ભંગ છે. આ પલટો થાય છે ત્યારે સંપૂર્ણ વિજય થયા વિના રહેતો જ નથી. આ શુભ પરિણામનો વિચાર કરીએ ત્યારે એ શસ્ત્રના પ્રયોગમાં રહેલું જોખમ એ કશી વિસાતમાં નથી. જયારે જગત એના પ્રયોગથી પરિચિત થઇ જશે અને તેનાં અનેક સફળ પ્રદર્શન જોશે ત્યારે આજે હવાઇ વહાણ ચલાવવામાં એ શાસ્ત્રની થયેલી પુષ્કળ પ્રગતિ છતાં જેટલું જોખમ રહે છે તેના કરતાં ઓછું જોખમ સવિનય ભંગના પ્રયોગમાં રહેશે.